R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૬મું
VOLUME : 02 • ISSUE : 02 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2021
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-





**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

ભક્તિને અભિનંદન

# મેવેન પ્લસ સાઈઝ ઈન્ડિયન પેજન્ટ ૨૦૨૧માં મેવેન પ્લસ સાઈઝ બોલ્ડ એન્ડ બ્યુટીફુલનો ખિતાબ મેળવી શ્રી ક.દ.ઓશવાલ જૈન સમાજની દિકરીએ મુલુંડ શહેરનું નામ રોશન કર્યું.

ભક્તિને અભિનંદન







ગુરૂદેવના આશિષ અને આઈશ્રી આશાપુરાની કૃપા દૃષ્ટિથી, વડીલોના આશીર્વાદથી શ્રીમતી ભક્તિ માહેશ્વરી પાટીલે ફક્ત પોતાનું જ નહીં પણ સાથે સાથે બન્ને કુટુંબીજનોનું, સ્નેહીજનોનું, મિત્રવૃંદનું, ઓફિસમાં સાથ સહકાર આપનાર ઉપરી અધિકારીઓનું પણ નામ રોશન કર્યું. પ્રેમાળ જીવનસાથી શ્રી જયેશ અનિલ પાટીલના સાથ સહયોગથી જ તેનું સ્વપનું સાકાર થયું.

**કહેવાય છે...**

**દિકરી મારી વ્હાલનો દરિયો, દિકરી અમારી સૌની લાડકવાયી, પછી ભલે તે ઝીરો સાઈઝની હોય કે પ્લસ સાઈઝની...**

દિલ્હીમાં આયોજિત મેવેન પ્લસ સાઈઝ ઈન્ડિયન પેજન્ટ ૨૦૨૧માં દેશ વિદેશમાંથી હજારો પ્લસ સાઈઝવાળાઓએ ફોર્મ ભર્યા તેમાંથી ટોપ હન્ડ્રેડ ફાઈનલીસ્ટમાંથી મારી દિકરીએ મેવેન પ્લસ સાઈઝ બોલ્ડ એન્ડ બ્યુટીફુલનો ખિતાબ જીત્યો તેની ખુશીનો પાર ન રહ્યો.

વિવિધ રાજ્યોમાંથી આવેલા સ્પર્ધકો એક અઠવાડિયું સાથે રહ્યાં. બધાએ પોતપોતાના અનુભવો એક બીજા સાથે શેયર કર્યા. ખૂબજ આનંદ હર્ષોલ્લાસનું વાતાવરણ રહ્યું. ત્યાં ઉપસ્થિત રહેલા અતિથિગણોમાં શ્રી હરદીપ અરોરા કે જેઓ ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ એન્ડ પેજન્ટ કોચ, ધ ફાઉન્ડર ઓફ મેવેન પ્રોડક્સન,. મિસિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ૨૦૧૪નો ખિતાબ મેળવનાર મિસિસ અમન ગ્રેવાલએ બધાને પ્રોત્સાહિત થાય એવા ભાષણો આપ્યાં.

બે બોલ મારી દિકરી માટે... મારી દિકરી ભક્તિને નાનપણથી જ ચટાકેદાર ખાવાનો શોખ હતો. હજી પણ છે અને રહેશે. સાથે સાથે ટેસ્ટી જમવાનું બનાવવાનો પણ ખૂબજ શોખ છે અને બનાવે છે. મોટી મમ્મી એટલે કે તેના નાનીમાં તેઓ નિવૃત શિક્ષિકા છે. તેમણે ભક્તિમાં રહેલી અભિનય કળાને પારખીને નામદેવ લહુટે દ્વારા ચાલતી અભિનય શાળામાં દાખલ કરી. તેની અભિનય કરવાની શક્તિને વિકસાવી, સાથે ડ્રમ્મ વગાડવાનો શોખ પણ પૂરો કરાવ્યો. એર હોસ્ટેસ બનવા માટે 'એ.એચ.એ'માં ટ્રેનીંગ લીધી. પરંતુ હેવી બોડીને લીધે તેનું સીલેક્શન થયું નહીં. તેણી એર હોસ્ટેસ બની શકી નહીં. તેની ઉડાન થંભી ગઈ. તે નિરાશ થઈ ગઈ.

મેવેન પ્લસ સાઈઝ પેજન્ટમાં ભાગ લઈ તેને એક નવી ઉડાન મળી, તેનું સમણું સાકાર થયું. તેને પોતાના મોટાપણા પર ગર્વ થયો. મોટાપણું હોવું એ શરમજનક નથી. તેને જીંદગીમાં આગળ વધવાની મંઝીલ મળી ગઈ. તેનામાં રહેલી બોલવાની વાક્છટા ને વિકસાવવાની તક મળી.

જીવનસાથી જયેશ અનિલ પાટીલ એ ભક્તિને ખૂબજ સપોર્ટ કર્યો. તેને આગળ વધવાની પ્રેરણા આપી. હાલ તેઓ બન્ને શૂટીંગ કરી, નાના નાના વિડિયો બનાવી યુટ્યુબ પર અને ઈન્સ્ટાગ્રામ પર પોતાની કળાને પ્રદર્શિત કરે છે. ક્યારેક શિક્ષણને લગતા હોય તો ક્યારેક કોમેડીના હોય...

લોકોને ફક્ત એક જ સંદેશો આપવાનો છે કે... તમારા દિકરા કે દિકરી પ્લસ સાઈઝના હોય તો ઘૃણાની નજરથી ન જોતા તેમનામાં રહેલી કળાને, આંતરીક ગુણોને જોજો. તેમની કળાને વિકસાવો અને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપો. તેમને જોવાની સોચ બદલશો તો નજરીયો પણ બદલાઈ જશે. તેઓ હિંમતભેર આગળ વધી શકશે, વડીલોનું નામ રોશન કરશે. મારી વાતથી તમારું દિલ દુભાયું હોય તો હું ક્ષમા ચાહું છું.

મિચ્છામી દુક્કડમ...

**ભારતીબેન નરેન્દ્ર પદમશી મૈશેરી - બાંઢીયા (મુલુંડ)**

You can stay connected on her social Media handle@bhakti.maheswari.patil

*In Memory of*



## *Damji Velji Daga*

**DOB : 25-05-1908** **DOD : 18-11-1988**

| *Hiren Daga* | *Ashok Damji Daga* | *Dilip Daga* |
|---|---|---|
| **+91 93611 99000** | **+91 93450 39176** | **+91 98455 47534** |

# Askcotton®™

**COTTON CONSULTANTS**

"Kasturi", 145, Ponnurangam Road (W), R.S. Puram,
Coimbatore - 641 002, Tamilnadu, India.
Phone : +91 422 2547973, +91 422 2548678
E-mail : ashokddaga@gmail.com, hirendaga@yahoo.com

**તંત્રી સ્થાનેથી**

# વૃદ્ધાવસ્થા અને સરકાર



– ડૉ. હીરાચંદ દંડ

**AFTER THE AGE OF 70 in India:**

SENIOR CITIZENS ARE NOT
ELIGIBLE FOR MEDICAL INSURANCE,
LOAN ON EMI, NO DRIVING LICENCE.
NO JOBS ARE OFFERED DUE TO WEAK PHYSIQUE.
THEY ARE LEFT TO DEPENDENCE.
BUT (S)HE STILL HAS TO PAY ALL TAXES
ON PURCHASES FOR SURVIVAL.
DOES NOT A SENIOR CITIZEN WHO HAS
NO DEPENDENCIES IN HIS LIFE NEED
JUSTIFICATION? IN YOUTH (S)HE PAID ALL TAXES.
GOVT SPENDS CRORES OF RUPPEES
ON IRRELEVANT SCHEMES, BUT NEVER PLANS
ANY RELIEF FOR NEEDY SENIOR CITIZENS
OF THIS COUNTRY.
ON THE CONTRARY, THEY REDUCE INTEREST RATES
AND REDUCE THEIR INCOME.
WHAT A TRAGEDY TO BE AN INDIAN SENIOR CITIZEN...!

SHARE THIS IN WHATEVER SOCIAL MEDIA
YOU ARE ASSOCIATED WITH.
LET THE VOICE OF SENIOR CITIZENS REACH
THE EARS OF THE GOVERNMENT.

**FOR AWARENESS, MUST SHARE THIS INFO**

ઉપરનો મેસેજ મને થોડાક અઠવાડિયા અગાઉ ચેતક કેટરર્સના શ્રી પ્રતાપ હીરજી ધુલ્લા – સુથરી (વડાલા)એ મોકલ્યો હતો. આ સંદેશનું લખાણ ખરેખર આંખ ઉઘાડનારું છે.

વૃદ્ધાવસ્થા ધીમે ધીમે મક્કમ પગલે આવે જ છે. જીવનની સુવિધાઓ વધી છે એટલે માણસ સામાન્ય રીતે પંચોતેરથી વધુ વરસ સહેલાઈથી જીવે છે. વધતી જતી મેડિકલ સેવાઓ આધુનિક બનતી જાય છે તેમ તેમ આયુષ્ય લાંબુ થશે એમ લાગે છે. પરંતુ સરકાર દ્વારા થતા વિવિધ વ્યવસ્થાપનમાં કોઈજ પરિવર્તન નથી આવ્યું. ઉંમરના ૫૮ કે ૬૦મા વર્ષે સરકાર, બેંક, સેમી ગર્વન્મેન્ટ નોકરીમાંથી નિવૃત્ત થયા પછી તે વ્યક્તિએ આર્થિક રીતે પોતાની બચત, પેન્શન અને બાળકો ઉપર આધારિત રહેવું પડે છે. પ્રાઈવેટ કંપનીઓમાં નિવૃત્તિની વય દરેક કંપનીમાં અલગ અલગ હોય છે, પરંતુ મોટા ભાગની કંપનીઓમાં નિવૃત્તિ પછી માસિક પેન્શનની જોગવાઈ હોતી નથી.

સામાન્ય રીતે સીત્તેર વર્ષની ઉંમર પછી નવા મેડિકલેઈમ ઈન્સ્યુરન્સ મળતો નથી. ફક્ત જેમની પોલિસી જુની હોય તેઓનું ઈન્સ્યુરન્સ આગળ ઉપર ચાલુ રહી શકે છે. આ ઉંમરે જ આરોગ્ય બાબતે નાના મોટા પ્રશ્નો શરૂ થાય. વયોવૃધ્ધ નાગરિકોને મેડિકલ સેવા કે દવાઓ સસ્તા દરે મળવી જોઈએ પણ એવી કોઈ જોગવાઈ સરકાર દ્વારા કરાઈ નથી.

રેલ્વે ભાડા જેવી કેટલીક બાબતોમાં કન્સેશન અપાય છે ખરું, પણ એવી ખૂબજ ઓછી સેવા ઉપલબ્ધ છે. બેંકો વરિષ્ઠ નાગરિકોને ૦.૩૫ થી ૦.૭૫ ટકા જેટલું વ્યાજ વધુ આપે છે પણ બેંકો દ્વારા અપાતા વ્યાજનો દર હાલના વર્ષોમાં ખૂબજ ઓછો થઈ ગયો છે. આવા અનેક કારણોને લીધે વરિષ્ઠ – નિવૃત્ત નાગરિકો માટે પોતાની બચત અને વ્યાજની આવકમાંથી અનેક વર્ષો સુધી પોતાનું જીવન ધોરણ ટકાવવું મુશ્કેલ બની જાય છે.

ઉપરોક્ત મેસેજમાં મુળ પ્રશ્ન એ ઉઠાવવામાં આવ્યો છે કે જ્યારે કરદાતા નિવૃત્ત થઈ જાય છે, વૃદ્ધ બને છે ત્યારે તેને સરકાર દ્વારા કઈ સુવિધાઓ આપવામાં આવે છે ? જેનો જવાબ છે, કશું જ નહિં. આપણી સરકાર કરદાતા જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે તેને કોઈ જ સુવિધા આપતી નથી. જરૂરી છે કે યુવાન વયે સરકારને આપેલા ટેક્ષના પ્રમાણમાં તેને નિવૃત્ત થયા પછી વધારાની સુવિધાઓ – લાભ સરકારે આપવા જ જોઈએ. આના કારણે ટેક્ષચોરી કરવાની વૃત્તિ નાગરિકોમાંથી ઓછી થશે અને યુવાન વયે જેઓએ સખત મહેનત કરીને કમાઈમાંથી સરકારને ટેક્ષ ચૂકવ્યો હશે તે તેમને નિવૃતિ પછી વૃદ્ધાવસ્થામાં સરકાર દ્વારા સુવિધાઓ સ્વરૂપે પાછો મળશે.

આ જ ખરો સમય છે કે સરકાર આ દિશામાં વિચારીને કરદાતાઓ દ્વારા મળેલા કરનો ઉપયોગ નિવૃત્તિ પછી વૃદ્ધાવસ્થામાં તેમની સુખ સુવિધાઓ માટે પણ ખર્ચ કરે. આવું થશે તો દેશના ટેક્ષ કલેક્શનમાં જરૂર વૃદ્ધિ થશે અને જેમણે ભૂતકાળમાં ટેક્ષ ભર્યો હશે તેમને વધારાની સુવિધાઓ મળી શકશે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



## વૉલ્યુમ : ૦૨, અંક : ૦૨, તા. ૨૦-૧૧-૨૦૨૧



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# "જૈન ધર્મ મારી દ્રષ્ટિએ.." મણકો - ૪૦

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

આપણે ગતાંકના બે-ચાર અંકોમાં શ્રાવક ધર્મ જેનું મુળ સમકિત છે એવા બાર વ્રત કહેવાય છે આ બાર વ્રત વિશે આછી-પાતળી સમજણ મારી દ્રષ્ટિએ મેં વાંચકો સામે રજુ કરેલી એને તેના ગુઢાર્થ સમજી વિચારી જીવનમાં ઉતારી મુક્તિ પ્રાપ્ત કરવાના પ્રયાસ કરવા વિનવેલું, સાથે સાથે ગાંધીજીને અતિપ્રિય એવા "વૈષ્ણવજન તો તેને રે કહીએ" એ આખું સ્તવનાદી ગીત પણ ચર્ચા માટે મુકેલું. મહાત્મા ગાંધીએ અનુભવથી પોતાના જીવનમાં અગિયાર વ્રતનો અંગીકાર કરેલો.

વ્રત એટલે શું ? ગાંધીજીએ તેની સમજ આપતાં કહેલું "વ્રત એટલે અડગ નિશ્ચય, એવા નિશ્ચય વિના માનવી ઉત્તરોતર પ્રગતિ ન કરી શકે" આપણાં પ્રસિદ્ધ આત્મજ્ઞાની સંત કવિયત્રી ગંગાસતીનું એક ભજન "હમેંશા અભ્યાસ મુકવો નહીં ને છોડી નહીં દેવું નીમ રે.." આ નિયમ લેનારો કેવો નિશ્ચયી અડગ હોવો જોઈએ તેની સમજણ તેમણે એક અન્ય સાખીમાં આપેલ છે.

**"મેરુ તો ડગે પણ જેના મન ના ડગે,**
**ભલને ભાંગી પડે બ્રહ્માંડ રે..."**

આપણે હવે "વૈષ્ણવજન તો" ભજન અને જૈન ધર્મના કેટલાક નીતિ-નીયમો અને પુ. મહાત્માજીનાં ૧૧ વ્રતોની મર્યાદિત ચર્ચા-વિચારણા તરફ આગળ વધીએ.

વૈષ્ણવજન ભજન ગતાંકમાં આપી ચુક્યો છું, આ ભજનની પ્રથમ લાઈનનો જ ઉઘાડ જ કેટલો અદ્ભૂત છે.

**"વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે"**

શું પીડ પરાઈમાં આપણે જેને સાધર્મિક ભક્તિ કહીએ છીએ તેનો ભાવ છુપાયેલો નથી ? સાધર્મિક ભક્તિને વિશાળ સ્વરૂપમાં સમજવું જોઈએ. આપણે ત્યાં ધાર્મિક પ્રસંગો પછી જાહેરાત થાય અથવા મુનીરાજોનાં દર્શનાર્થે પધારીએ ત્યારે તે સંતો "વાપરીને વેનઝા" અથવા વ્યવસ્થાપકો "સાધર્મિક ભક્તિનો લાભ આપશો" ભોજન લેવાની વિનંતી કરતા હોય છે. સાધર્મિક ભક્તિ આનાથી કાંઈ વિશાળ વિશેષ હોય છે, તેની પરિધિમાં ઘણું બધું સમાય છે અને કેન્દ્રમાં પરાઈ પીડને પોતાની ગણી યથાશક્તિ તે દુર કરવાનાં પ્રયત્ન.

સાધર્મિક ભક્તિનાં જ્વલંત ઉદાહરણો આપતી જ્ઞાતિમાં કોરોનાં કાળમાં જાણવા મળ્યા. ક્યાંક મહાજનોએ અનાજ-કીટનું વિતરણ કર્યું, ક્યાંક ગામે ગામનાં મંડળોએ દાન ઉઘરાવી સાધર્મિક સહાય આપી અને એક દાનવીર ટ્રસ્ટે તો સમસ્ત જ્ઞાતિનાં કોઈપણ કુટુંબને એક પ્રશ્ન પુછ્યા વગર "નેટ" માફરત ગુપ્ત માહિતી મેળવી અને બેંકમાં સીધા ત્રણ મહિના માટે સારી એવી રકમ જમા કરાવી. બધુ અત્યંત ગુપ્ત રહે તેમ સાધર્મિક ભક્તિની સરાહનાના સાફામાં આ કાર્ય મોરપિચ્છ સમાન બન્યું. હું આ સર્વે સંસ્થાઓને હૃદયપૂર્વક નમન કરું છું... વંદુ છું...

અને એવા ઘણા આપણી જ્ઞાતિનાં કુટુંબ જે સામાન્ય રીતે સભર છે પણ નોકરી-ધંધો ન હોવાના કારણે કોરોના કાળમાં સાવ ધોવાઈ ગયા હતા તેમણે "આ દિવસ પણ નીકળી જશે, ઘરેથી જ પાપડ અથાણાં, નાસ્તા, ટીફીન બનાવી કે અન્ય ગૃહઉપયોગી વસ્તુઓ બનાવી-ઉત્પાદન-વેચાણ કરી મદદનો પ્રેમભાવથી અસ્વીકાર કર્યો એ બધાને મારા લાખેણા વંદન. આ હતું ક.દ.ઓ. જ્ઞાતિનું ખમતીધરપણું અને એટલે જ આપણે સાચા અર્થમાં વૈષ્ણવ એટલે વિભૂતિમાં સૃષ્ટિનું પાલન કરનાર.

આજ ભજનની બીજી લાઈનમાં મનમાં અભિમાન ન લાવવાની વાત છે. વિનમ્ર બનવાની વાત છે. આપણાં અઢાર પાપસ્થાનકોથી દુર રહેવાની સલાહ જૈન ધર્મ આપે છે, તેમાં સાતમે માન, આઠમે માયા ત્યજવાની વાત કરવામાં આવી છે. આજે સમાજમાં ઘણા દ્રશ્યો આંખો સામે તરવરે છે જેમાં ઉપકાર (તે પણ પરદુઃખે નહીં) કરવા ખાતર "રાઈ" જેવડો અને સન્માન "પહાડ" જેટલો માંગનારા દાતાશ્રીઓ છે. સાચેસાચ તો ઉપકાર કે દાનધર્મ જમણા હાથે કરેલો ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ.

ત્રીજી લાઈનમાં "નિંદા ન કરે કેની રે" ને આઠમાં અનર્થદંડ વિરમણ વ્રતમાં "અપધ્યાના ચરિત" સાથે સરખાવી જોવા જેવું છે. ગાળ, કર્કશ વચન ને નિંદામાં ફરક શું? આજે હાલતે ચાલતે કોઈની પણ નિંદા કરવામાં આપણે કોઈ કચાશ નથી રાખતા પણ એ વ્યક્તિ તરફ આંગળી ચિંધતા ભુલી જઈએ છીએ કે "ત્રણ આંગળી આપણા તરફ ચીંધાય છે."

અઢાર પાપસ્થાનકમાં પણ સોળમે પરપરિવાદમાં નિંદા કરવાનો ઉલ્લેખ છે. (વધુ આવતા અંકે...)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

**આવો ઓળખીએ આપણા મહાજનોને**

# કોચીન ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

**કેસરસિંહ ખોના** – જખૌ (ડોંબીવલી)
મો.: 93230 85396





વીરેન કલ્યાણજી ખોના-સુથરી
પ્રમુખ



અરવિંદ જયંતીલાલ દંડ-સુથરી
માનદ્‌મંત્રી

ભગવાનના પોતાના દેશ કેરલમાં આપણી જ્ઞાતિના પથ પ્રવર્તક કોણ હતા એની પાકી નોંધ નથી પણ ૧૮૫૦ પછી કચ્છી લોકો કેરલમાં પહોંચવા લાગ્યા હતા. જેમાં મળતી માહિતી મુજબ નલિયાના સાહસિક વ્યાપારી શેઠ ભાણજી જેવત ખોના કોચીનમાં પહોંચનારા પ્રથમ ક.દ.ઓ. જૈનોમાં સામેલ હતા.

કોચીન શા માટે? કોચીન વિશ્વની મસાલા રાજધાની તરીકે પ્રસિદ્ધ છે. અને આપણે જાણીએ છીએ કે આપણી રસોઈમાં વપરાતા મોટાભાગના મસાલા કોચીન/કેરલની બજારોમાંથી આવે છે.

કેરલના આ મસાલાઓમાં મરી, એલચી, તજ, લવંગ, જાયફળ, કોપરૂં/નારિયેળ અને છેલ્લે યાદીમાં જોડાયેલા 'વનિલા'નો સ્થાનિક ઉપજોમાં સમાવેશ થાય છે.

ત્યાંની મુખ્ય આડપેદાશ નારિયેળના રેસા કાથી/કાથાના વેપાર ઉપરથી મુંબઈ મસ્જીદબંદરની કાથા બજાર જાણીતી છે. જોકે લોકો ઘણીવાર પાનમાં વપરાતા કથ્થા સાથે ગેર સમજ કરી લેતા હોય છે. કાથીનો ઉપયોગ અનેક જીવનાવશ્યક વસ્તુઓમાં આજે પણ થાય છે.

મસાલાની સોડમ નવી ભોમકામાં ભાગ્ય અજમાવવા માગતા કે.ડી.ઓ. જ્ઞાતિજનોને આકર્ષિત ન કરે તો જ નવાઈ.

શેઠ ભાણજી જેવત ખોનાએ ત્યાં સ્થાયી થયા પછી શું કર્યું?

તેમણે જ્ઞાતિ શિરોમણી નરસી નાથાની જેમ કોચીન પહોંચનારાઓને આશરો આપવાની શરૂઆત કરી. જે કોઈ કેડીઓ કોચીન પહોંચે તેની જમવાની વ્યવસ્થા, રહેવાની અને રોજગારની વ્યવસ્થા કરવામાં મદદ કરતા અને જરૂર મુજબ નાણાંકીય મદદ પણ કરતા.

સને ૧૮૭૫ના ગાળામાં કોચીન પહોંચેલા શેઠ ભાણજી જેવત ખોનાના આવા મજબૂત ટેકાથી કે આપબળે ઘણા ક.દ.ઓ. પરિવારો કોચીનમાં ઠરીઠામ થયા અને મસાલાના વ્યાપાર સાથે સંકળાયા. પરિણામે આજે કોચીન જેવા દૂરસ્થળે મુશ્કેલ ભાષા વ્યવહાર છતાં ૧૨૦ જેટલા કે.ડી.ઓ. પરિવાર સ્થાયી થયા છે.

ઘણા પરિવારોમાં યુવા ધન વધુ છે જે મેટ્રો નગરોમાં કામકાજ અભ્યાસાર્થે રહે છે છતાં તેમના માવિત્ર અને સંલગ્ન પરિવાર આજે પણ કોચીનમાં રહેવાનું પસંદ કરે છે. ઘણા જ્ઞાતિજનોએ વિવિધ રોજગાર અપનાવી લીધા છે પણ એ વલણ હાલના વરસોમાં વધ્યું છે. જ્યારે આપણી મૂળ મોટી મસાલા પેઢીઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી જ રહી છે. એમાં મુખ્ય છે. કિશોર સ્પાઈસીઝ, આ કંપનીની ઑફિસમાંથી જ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોચીન પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. સરનામું છે મે. કિશોર સ્પાઈસીઝ, જ્યુ ટાઉ, કોચીન-૬૮૨ ૦૦૨.

હાલ મહાજનના પ્રેસિડન્ટ છે વીરેન કલ્યાણજી ખોના (સુથરી) મો. 9895354110 એમની સાથે માનદ્‌મંત્રી તરીકે સેવા આપે છે અરવિંદ જયંતીલાલ દંડ (સુથરી) મો. 7012974817.

પ્રમુખશ્રી વીરેનભાઈના જણાવ્યા પ્રમાણે હાલ ૪૦ ટકા જ્ઞાતિજન સેલ્ફ એમ્પ્લોઈડ છે જ્યારે ૬૦ ટકા જેવા નોકરી વગેરે નાના-મોટા વ્યવસાયમાં છે.

કેરલ દેશનું સહુથી શિક્ષિત રાજ્ય છે. અને શિક્ષણ, સ્વાસ્થ્ય, આવાગમન અને પર્યટનની સારી વ્યવસ્થા છે. ખાસ કરીને કેરલ આયુર્વેદ મેડીકલ, પર્યટન અને અસાધ્ય રોગ-માલિશ વગેરેના ઉપચાર માટે પ્રખ્યાત છે. આથી કેરલમાં પર્યટન ઉપરાંત મેડીકલ પર્યટનની દૃષ્ટિએ સારી તકો છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

જ્ઞાતિમાંથી થોડાક જણ સીએ, ડૉક્ટર અને કંપની સેક્રેટરી જેવા વ્યવસાયમાં છે. તો થોડાક ઉદ્યોગ સાહસિક પણ છે.

જ્ઞાતિ સેવાની દૃષ્ટિએ જોઈએ તો કેટલાક પરિવાર કોરોનાની અસર હેઠળ આવ્યા હતા જેની મહાજને જરૂર પ્રમાણે સહાય કરેલી.

શ્રી વીરેનભાઈ કહે છે અન્ય દેશાવરના જ્ઞાતિજનોની જેમ અમને પણ યુવાઓના લગ્નની સમસ્યા કનડે છે. આશા રાખીએ છીએ કે પ્રકાશ સમીક્ષા આ સમસ્યાના ઉકેલ માટે પોતાનાથી બનતું કરશે સાથે જ જ્ઞાતિની એકતા વધુ સુદૃઢ કરવામાં ભૂમિકા ભજવશે.

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોચીન**

વ્યવસ્થાપક સમિતી – હોદ્દેદારો

| | | | |
|---|---|---|---|
| ૧. | વીરેન કલ્યાણજી ખોના | પ્રમુખ | સુથરી |
| ૨. | વીરેન લખમશી દંડ | ઉપપ્રમુખ | તેરા |
| ૩. | અરવિંદ જયંતીલાલ દંડ | મા. મંત્રી | સુથરી |
| ૪. | હેનિશ નીતિન ખોના | સહ મા.મંત્રી | નલિયા |
| ૫. | પરેશ નવીન ખોના | ખજાનચી | નલિયા |
| ૬. | અમિત કિરેન મૈશેરી | સહ ખજાનચી | સાંયરા |

વ્યવસ્થાપક સમિતી – સભ્યો

| | | |
|---|---|---|
| ૭. | અતુલ કલ્યાણજી લોડાયા | વંઢી |
| ૮. | રેખાબેન અતુલ લોડાયા | વંઢી |
| ૯. | ઉષાબેન કિશોર કુરવા | બાયઠ |
| ૧૦. | રીટાબેન નીતિન ખોના | નલિયા |

વિશેષ આમંત્રિત

| | | |
|---|---|---|
| ૧. | કિશોર શામજી કુરવા | બાયઠ |
| ૨. | ભરત નવીન ખોના | નલિયા |
| ૩. | ધર્મેશ રમેશ નાગડા | નલિયા |



**પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**

**પ્રવિણચંદ્ર દામજી મોમાયા - સેંધવા (એમ.પી.)**

અરિહંતશરણ : તા. ૨૨.૧૧.૨૦૨૦

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી સૌરભ બની પ્રસરી ગયાં, જીવન જીવ્યા ખુમારીથી સુખ દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયાં, આપની કૌટુંબિક ભાવના અને પરોપકાર વૃત્તિની સુવાસ સદા મહેકતી રહેશે અને આપ હંમેશા સૌના હૃદયમાં જીવંત રહેશો. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

**લી. વેવાઈ શ્રી નરેન્દ્ર નરશીં ગોસર પરિવાર - વડોદરા**

**વેવાણ શ્રીમતી લતાબેન નરેન્દ્ર નરશીં ગોસર - વડોદરા**

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**

**શ્રી સાંધવ નગરે...**

**ત્રિહાન્હિકા ધજા મહોત્સવે... આમંત્રણમ્**

સાંધવ નગરે શ્રી શાંતિનાથદાદાની શીતલ છાયામાં, શાંતિનાથ જિનાલયની ૧૫૬મી ધ્વજારોહણ પ્રસંગે, સંવત – ૨૦૭૮, મહાસુદ તેરસ, તા. ૧૩.૨.૨૦૨૨ ને રવિવાર ના આયોજિત ધ્વજારોહણ પ્રસંગે તા. ૧૧.૨.૨૦૨૨થી તા. ૧૩.૨.૨૦૨૨ દરમ્યાન ત્રિહાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલ છે. ધ્વજારોહણ ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સૌ સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ. ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સાંધવ ગામે પધારનાર ભાવિકોની બધી વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. તા. ૧૦.૨.૨૦૨૨ના મુંબઈથી જવાની તથા તા. ૧૩.૨.૨૦૨૨ના પરત આવવાની ટીકીટની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.

**લી. શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ વતીથી**

**શ્રી શામજી નરશી દંડ - પ્રમુખશ્રી**

## અનુમોદના



**નામ : ખુશી ભાવના-કેલ્વીન અજાણી (લોડાયા)**

ઉંમર : ૧૧ વર્ષ

હાલ સ્થળ : એરનાકુલમ (કેરાલા)

કચ્છમાં ગામ : કોઠારા

ધાર્મિક અભ્યાસઃ રાઈ પ્રતિક્રમણ, દેવસીય પ્રતિક્રમણ, પંચ પ્રતિક્રમણ, ભક્તામર સ્તોત્ર, રત્નાકર પચ્ચીસી

**શુભેચ્છક : અજાણી (લોડાયા) પરિવાર**

**કોઠારા (એરનાકુલમ)**

# અબડાસાની બે લાખ એકર જમીન પર દબાણ

અબડાસા તાલુકામાં સરકારી પડતર અને ગોચર જમીન પર કેટલાક માથાંભારે બળુકા અને રાજકીય પરિબળોએ બે લાખ એકર જમીનમાં ૨૦૦૦થી ૨૨૦૦ લોકોએ સામુહિક જમીન દબાણ કરતાં તે દૂર કરવા વખતોવખતની માગણી છતાં મહેસૂલી તંત્રે કોઈ કાર્યવાહી ન કરતાં આવાં પરિબળોને છૂટો દોર મળ્યો છે.

અધૂરામાં પૂરું જમીન દબાણ કર્યા પછી સ્થાપિત હિતો દબાણવાળી જમીન પ્રતિ એકરે વાર્ષિક રૂા. ૧૦ થી ૧૨ હજારમાં આપી દઈ વાર્ષિક રૂા. ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડની આમદની કરે છે!

એક સમયે અબડાસા તાલુકા દાણચોરી, દેશદ્રોહી પ્રવૃત્તિમાં અવ્વલ નંબર હાંસલ કર્યો હતો. હવે જમીન દબાણ જેવી ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં પણ કાઠું કાઢ્યું છે. આ ગેરકાયદેસરની પ્રવૃત્તિ છેલ્લા અઢી દાયકાથી અવિરત ચાલુ રહી છે.

તાલુકાના ૧૫૦ ગામ પૈકી લગભગ ૧૨૫ થી ૧૩૦ ગામમાં સરકારી અને ગોચર જમીન પર બળૂકા તત્ત્વોએ કબ્જો જમાવ્યો છે.

અનઅધિકૃત જમીનો પર કોઠારા અને નલિયા પી.જી.વી.સી.એલ. દ્વારા ૧૦૦ થી ૧૨૫ જેટલાં ખેતવિષયક જોડાણો આપી દેવાયાં છે. ગેરકાયદેસરની જમીન પર જોડાણ મેળવવા ૭/૧૨ અને જરૂરી આધારો કાયદેસરની જમીનના અપાય અને વીજ જોડાણ અનઅધિકૃત જમીન પર લાગી જાય! આવું ખુઅડા, કોઠારા, ડુમરા, વાંકુ, પ્રજાઉ, નલિયા વગેરે પિયત વિસ્તારમાં આવેલા વીસેક ગામોમાં ગેરકાયદેસર વીજ જોડાણ પી.જી.વી.સી.એલ.ની બલિહારીથી આપી દેવાયા છે!

અબડાસામાં જમીન મહેસુલ કાયદો અને ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન ઍક્ટ-૨૦૨૦ જાણે અમલમાં જ ન હોય તેવું જાગૃત નાગરિકોને લાગી રહ્યું છે. દબાણકારોએ મોટા પાયે ઉપાડો લેતાં આવાં તત્ત્વો પર સી.બી.આઈ. ચાર્જશીટ કરે તો સળિયા પાછળ તો ધકેલાઈ જાય પણ જામીન પણ મળે તેવું કાયદાના જાણકારો કહે છે.

સરકારી પડતર પૈકી દોઢ લાખ એકર જમીન પર પેશકદમી થઈ છે, તો ગોચર જમીન પર પણ અડધો લાખ એકર જમીન શિરજોર તત્ત્વોએ પચાવી પાડી છે.

દર વરસે પરિસ્થિતિ એવી નિર્માણ થાય છે કે તાલુકાના ત્રણ લાખની સંખ્યાના પશુધન માટે ચરિયાણની સમસ્યા સર્જાય છે. આવા પશુધનને રોડની સાઈડ કે ખેતરના શેઢામાં ગોવાળો ચરિયાણ માટે લઈ જાય છે. સીમતળમાં ગાડાવાટ, તળાવડી, ધર્મશાળા, સેલોર વાવ જેવા પુરાતત્ત્વીય અવશેષો પણ દબાણકારોએ અદૃશ્ય કરી નાખ્યા છે. ખાસ કરીને અમુક ગામોના સરપંચો, રાજકીય કાર્યકરો, સરપંચપતિ વગેરે દબાણ પ્રવૃત્તિમાં વર્ષોથી સક્રિય હોતાં હવે બે પાંદડે થઈ ગયા છે. રાજકીય કાર્યકરો કે અમુક ચુંટાયેલા પદાધિકારીઓ પણ જમીન દબાણ જેવી પ્રવૃત્તિમાં કિસ્મત અજમાવતાં જેને પગલે આવાં પરિબળો પર લક્ષ્મી અને કુબેર મહારાજની કૃપા વરસી છે.

ચૂંટણી ટાણે રાજકીય નેતાઓનો ચુનાવ પ્રચાર કરી મત માગતાં આ પરિબળો ધરાર ખોટા હોવાનું અહીં ચર્ચાય છે. ગોચર જમીન પર નિયંત્રણ રાખવાના અધિકારો સ્થાનિક ગ્રામ પંચાયતને હોય છે. પણ સરપંચો આ અપયશવાળી કામગીરી હાથ પર લેવાને બદલે અધિકારીઓએ ગોચર દબાણ દૂર કરવાના કાગળ લખી હાથ ઊંચા કરી દેતા હોય છે. જો કે, અપવાદ રૂપ વાયોર, ભાચુંડા, નાની ધુફી, રવા, બિટ્ટા સહિતના ગામોમાં ગોચર જમીન દબાણ જાગૃત સરપંચોએ દૂર કરાવ્યું હતું.

ગોચર જમીન દબાણ તો દબાણકારને નોટીસ આપ્યા વગર જવાબદાર તંત્ર દૂર કરાવી શકે તેવા હાઈકોર્ટના ચુકાદા છે. એટલું જ નહીં ગુજરાત હાઈકોર્ટના એક ઓર્ડરને સર્વોચ્ચ અદાલતે ઓવર રૂલ્ડ કરી ગોચર જમીન જે હેતુ માટે નીમ થયેલી છે તેના સિવાય તેનો ઉપયોગ સરકાર પણ કરી ન શકે. અર્થાત કે ગોચર જમીન મૂળ હેતુ માટે જ ઉપયોગ થઈ શકે તેવું ઠરાવ્યું છે.

લાંબા ભૂતકાળ પૂર્વે કોઠારા સીમતળમાં દાતાઓએ ખાનગી જમીન ખરીદી ગોચર માટે અર્પણ કરી હતી. હવે એ જમીન પણ ખેડાઈ ગઈ છે. મુખ્યત્વે દબાણકારો પોતાની માલિકીની પાંચ-દશ એકર જમીન હોય તેની લગોલગ ૫૦થી ૧૦૦ એકર જમીન પચાવી લઈ તેમાં બોર બનાવી વીજજોડાણ પણ મેળવી લે છે. અબડાસામાં એક સમયે

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાંુ.**

જમીનની બજાર મોટી રહીહતી. તે સમયે એટલે કે પાંચ વર્ષ પૂર્વે સસ્તી જમીન ખરીદી આવી જમીન ડી.એલ.આર.ના પાળેલા કર્મચારીઓની મદદથી રોડ ટચ બતાવી બિનખેતી કરાવી ધંધાદારી હેતુ માટે પણ ઉપયોગ કરી રહ્યાં છે. દા.ત. સર્વે નં. ૧૨૩ની આજુબાજુ ૧૨૪ સર્વે નંબર હોવો જોઈએ તેને બદલે ૧૫ થી ૨૦ સર્વે નંબર દૂર ૧૨૪ સર્વે નંબર હોય છે! આવા કિસ્સાની જૂના નકશાઓ સાથે સરખામણી થાય તો ભૂમાફિયાઓની પોલ ખૂલે તેમ છે.

બીજી તરફ ચાર મધ્યમ સિંચાઈ યોજના અને ૨૪ નાની સિંચાઈ યોજનાના આસપાસના વિસ્તાર કમાન્ડ એરિયાની જમીન પણ દબાણકારોએ પચાવી પાડી છે.

ગોચર જમીનનો તો માપદંડ એવો છે કે ૧૦૦ પશુદીઠ ૪૦ એકર જમીન હોવી જોઈએ. પણ ત્રણ લાખ પશુધન સામે માત્ર તાલુકામાં ૫૧૦૦૦ એકર જમીન જ ગોચર માટે નીમ થયેલી છે, જે પણ દબાણકારોએ પચાવી પાડી છે. ગોચર, સરકારી પડતર જમીનની રખેવાળી માટે આમ તો મોટી જમાત છે, જેમાં સરપંચ, તલાટી, સર્કલ ઈન્સ્પેક્ટર, ના. મામલતદાર, મામલતદાર, ટી.ડી.ઓ., ડેપ્યુટી કલેક્ટરની સમાવેશ થાય છે. અલબત્ત, આ તમામ સત્તાધીશો પોતાની ફરજ ચૂકી જઈ જમીન દબાણ જેવી પ્રવૃત્તિમાં માથું ન મારતાં પોતાની કચેરીમાં ટોળાં-ટપ્પા મારવામાં જ વ્યસ્ત હોવાનું આ વર્તુળોએ જણાવી જવાબદારી તંત્ર પોતાની વિશ્વસનીયતા ગુમાવી હોવાની છાપ ઊભી થઈ છે. તંત્ર પોતાની છાપ સુધારી લોકોનો ભરોસો પ્રસ્થાપિત કરવા નક્કર કામગીરી કરે તેવી માંગ ઊઠી છે.

(કચ્છમિત્રમાંથી સાભાર)

## વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**


**લગ્ન સંબધી**

મુંબઈ, મુલુંડ વે, સ્થિત સુખી ક.દ.ઓ. જૈન પરિવારના યુવક ઉ. વર્ષ ૩૭, સારી કંપનીમાં સોફ્ટવેર એન્જિનીયરનો જોબ ધરાવનાર, સહ સંમંતિથી, છુટાછેડા થયેલ યુવક માટે સંસ્કારી યુવતીના વડિલો સંપર્ક કરે. **(સંપર્ક : ૯૭૬૯૧ ૬૮૩૩૧)**


## ચા

લોકો તો કાંઇક કહેશે જ,
લોકોનું કામ છે કહેવાનું જ.

માનવીને કરેલ મારી સેવાઓ તો ગણો,
પછી પીઓ,પીવડાવવો અને મજા માણો.

ગરમ થયેલાઓ ને હું ઠંડા કરૂ છું,
ઠંડા મિજાજ માટે ગરમ થાઉં છું.

વેરઝેરનું હું સમાધાન કરાવું છું.
ઠંડી થઈને પણ તમને વાતો કરાવું છું.

કપ હોય કે કુલ્લડ, ઢાબો હોય કે રેલગાડી,
ગરીબ હોય કે તવંગર મારા તો બધા સાથી.

ચા, પાન ને બીડી, સિધી સ્વર્ગની સીડી.
રંગીન બનાવું છું સવાર અને સાંજ સૌની.

અડધી કરો તો પણ વાતો આખી કરાવું છું.
ઘૂંટડો પી ને આપેલ પ્યાલી એ અસીમ પ્રેમ છું.

વેવિશાળો મારા આગમન પછી જ થાય છે.
મિત્રતાનો રસ્તો મારી ચુસ્કીમાંથી બને છે.

થાકને અદ્રશ્ય કરનાર જાદુગર હું છું.
કપ ચાની ઉધારી જીવનભર યાદ કરાવું છું.

હું પિવાતી રહી ને મીઠાશ ઉભરાવતી રહી છું.
મારા ભાગલા કરો તો પણ તમારૂ કામ પતાવું છું.

ઉજાગરા કરી કરોડો વિદ્યાર્થીઓને ભણાવું છું.
તમારા સવાલોના જવાબ પણ શોધી આપું છું.

હવા મારી પાસેથી ગુજરે તો સુગંધિત બને છે.
સખત માણસ પણ મારી સામે પીગળી જાય છે.

શિયાળું, ઉનાળું કે ચોમાસું, બારમાસી છું.
એક અક્ષરની છું પણ બારાખડી ભુલાવી શકું.

સસ્તી ચુસ્કી મોંઘવારીમાં રાહત આપે છે.
નવા હરીફ ઉદ્ભવે છે પણ ચાની ચાહ અખંડ છે.

હળીમળી જાઉં છું, ભજીયા હોય કે ભાણું.
હું દવા પણ છું ને આરોગ્ય પણ છું.

શું મારો અને મહોબ્બતનો નશો સરખા નથી?
શું મારી અને કોઇકની ઝલક જીંદગી બનતી નથી?

ખાંડ વિનાની ચા લાગણી વિનાના સંબંધો જેવી છે.
ચા વિનાની જિંદગી એકડા વિનાના મીંડા જેવી છે.

**– તિલકચંદ કુંવરજી લોડાયા, ચેનૈ. ૧૧.૧૧.૨૧.**

આરોગ્ય
પ્રકાશ

# રોજીંદા વપરાતા સફેદ ઝેર અને રંગીન ઝેર

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



(ગતાંકથી ચાલુ...)

**દૂધ :** વાંચીને નવાઈ લાગશે પણ પહેલાના જમાનામાં શુદ્ધ દૂધ મળતુ હતું જે સંપૂર્ણ આહાર ગણાતું, પણ હવે ભાગ્યે જ શુદ્ધ દૂધ મળે છે. વધુ દૂધ મેળવવા દૂધાળુ પ્રાણીઓને 'ઑક્સિટોસીન'ના ઈંજેક્શન અપાય છે જે દૂધ દ્વારા આપણા શરીરમાં જઈ આરોગ્યને હાનિ પહોંચાડે છે. ડેરીવાળા દૂધ વધારવા બીન આરોગ્યદાયી પાણી પણ ઉમેરે છે. દૂધની થેલીવાળા પણ થેલીમાંથી દૂધ કાઢી ભેળસેળ કરે છે. દૂધ વેંચાણ કરનાર ઘણા કેમીકલ્સ અને પ્રીઝરવેટીવ ઉમેરે છે જે આરોગ્ય માટે ઝેર સમાન છે. મિલાવટવાળા દૂધ તો ઠીક યુરિયા, કોસ્ટીક સોડા, સાબુ કેમીકલ્સ જેવી ખતરનાક ચીજો વાપરી નકલી દૂધ બનાવે છે જે આરોગ્ય માટે ઘાતક છે. એમસ્ટરડૅમની બ્રીજે યુનિવર્સિટીએ જાહેર કર્યું છે કે ગાયના લોહીમાં માઈક્રો પ્લાસ્ટીક (પ્લાસ્ટીકના બારીક કણ) મળી આવ્યા છે જે તેના દૂધ દ્વારા માણસના શરીરમાં જઈ આરોગ્યને હાનિ પહોંચાડી શકે છે. ટાયર, પ્લાસ્ટીકની બોટલ, પગરખાંમાંથી પ્લાસ્ટીક માટીમાં ભળી દૂધાળુ પ્રાણીના શરીરમાં જાય છે જે તેમના દૂધમાં પણ હોય છે. WHO એ દૂધની થેલીઓની ચકાસણી કરી જાહેર કર્યું છે. ૧૦-૧૫ વર્ષ પછી ભારતના ૮૦ થી ૮૫% લોકોને કેન્સર થશે. આ બધી હકીકત જાણ્યા પછી ઘણા લોકો વિગન પદ્ધતિમાં માનવા લાગ્યા છે અને તેઓ દૂધ અને દૂધમાંથી બનાવાતાં ખાદ્ય અને પ્રાણીઓની સર્વકાંઈ ચીજોનો ત્યાગ કરે છે. બદામ, શીંગદાણા, સોયાબીન, નારીયેળ વગેરેમાંથી બનાવેલ દૂધ, દહીં વગેરે વ્યંજનોને ઉપયોગ આરોગ્યદાયી રૂપે કરે છે.

**રંગીન ઝેરો : કાર્બોનેટેડ પીણા :** નાસ્તા કે જમણ સાથે ઘણા કોક (કોકાકોલા જેવા પીણા) પસંદ કરે છે, ખાસ કરીને યુવાનો. આવા કાર્બોનેટેડ પીણાથી તરસ નથી બુઝાતી પણ પોતે કાંઈક અલગ કરી રહ્યા છીએ, મોર્ડન છીએ એવું માને છે. પોષણ તો કાંઈ મળતુ નથી, ફાયદો થતો નથી, ઉલ્ટું આરોગ્યને ખૂબજ હાનિ પહોંચે છે. આ પીણા અતિ ઠંડા પસંદ કરતાં હોવાથી તે પિત્તનો નાશ કરે છે. અને પાચન બગાડે છે. વાળ અને ત્વચાને વધુ નુકશાન થાય છે. એમાં રહેલા કેમિકલ્સ વાળને કમજોર બનાવે છે અને ત્વચાને પિમ્પલસ્ જેવી તકલીફ આપે છે. આ પ્રકારના સોફ્ટ ડ્રીંક્સમાં 'હાઈ ફ્રુકટોસ કોર્નસિરપ' ની માત્રા પુષ્કળ હોય છે. તેના સતત સેવનથી લીવરમાં ફેટ જમા થઈ લીવર ફેટી થઈ જાય છે. જે છેવટે જાડાપણું, ડાયાબીટીસને બીજી બિમારીઓ આપે છે. કાર્બોનેટેડ પીણામાં કાર્બન ડાયોક્સાઈડની માત્રા વધુ હોય છે. (એટલે જ એને કાર્બોનેટેડ પીણુ કહે છે) આ કાર્બન ડાયોક્સાઈડને લીધે શરીરમાં ઓક્સિજનનું સ્તર ઓછું થાય છે, ઓક્સિજન તો શરીર માટે બહુ મહત્ત્વનું છે. ઓક્સિજનના ઓછા થવાથી શરીરના અંગોને નુકશાન થાય છે. સુસ્તી, આળશ અનુભવાય છે. આ પીણામાં કેફીન હોવાથી નર્વસ સિસ્ટમને હાનિ પહોંચે છે. જે બી.પી. વધારે, અનિયમિત નિંદ્રા, ચિડીયાપણું જેવા લક્ષણો પેદા કરે છે. ગર્ભવતી મહિલાઓએ આ પીણાનો ત્યાગ જ કરવો જોઈએ. આ બધા સોફ્ટ ડ્રીંક્સમાં ખાંડનો પુષ્કળ ઉપયોગ થાય છે. જે ડાયાબીટીઝ, જાડાપણું, હાય બી.પી. ને નોતરે છે. ત્વચા પર ખીલ અને વાળ ખરવા જેવી તકલીફ થાય છે; ત્વચાને નિષ્ક્રિય બનાવે છે. આનાથી સ્મોકિંગ જેટલું જ નુકશાન ત્વચાને થાય છે. પહેલેથી જ ત્વચાની સમસ્યા હોય તો સોફ્ટ ડ્રીંક્સ ત્વચાની બળતરાને તેજ કરે છે. વધુ પીવાથી ત્વચા સુકી, એલર્જીક, વધુ તકલીફ આપનારી અને ત્વચા પર લાંબા સમય સુધી ખીલ અને દાગ થઈ શકે. આ ડ્રીંક્સનો વધુ ઉપયોગ વ્યક્તિને આળસુ પણ બનાવે છે.

**કોફી, ચા :** ચામાં ફલેવેનોઈડ્સ એન્ટિઓક્સિડન્ટ હોય છે જે સ્ફુર્તિ અને તાજગી આપે છે, માનસિક ઉત્સાહ વધારે છે. ચામાં ટેનીન અને કેફિન નામના તત્ત્વો હોવાથી મગજને તાજગી આપે છે. જે શરીરમાં સ્ફુર્તિનો સંચાર બતાવે છે પણ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

આપણે ચા બનાવીએ ત્યારે તેમાં સાકર અને દૂધ નાખીએ છીએ જેથી એના ગુણો ધોવાઈ જાય છે. ફલેવેનોઈડ, એન્ટિઓક્સિડનો નાશ થાય છે એટલે એના ફાયદા પણ મળતા નથી. આપણે અગાઉ ચર્ચા કરી જ ગયા છીએ કે સાકર અને દૂધ સફેદ ઝેર છે જે ચામાં ઉમેરીએ છીએ. ક્યારેક કે દિવસમાં એકાદવાર ચા પીએ તે ઠીક છે પણ બાકી રોજ લહેજતથી લોકો દિવસમાં અનેકવાર ચા પીવે છે એ તો ઝેર પીવા સમાન છે. કોફીમાં કેફીન ચા કરતાં પણ વધુ માત્રામાં હોય છે જે આરોગ્યને પુષ્કળ નુકશાનકર્તા છે. કાશ્મીરી કાવો (દૂધ, સાકર વગરની ચા) પીવો આરોગ્યદાયી છે. ચા-કોફીને બદલે '' ગ્રીન ટી-લેમન ટી' દિવસમાં એક બે વખત લેવાય તો આરોગ્યદાયી છે.

આ ઉપરાંત બજારુ ઘણી ચીજો 'પેકેટ્સ ફૂડ', 'પ્રોસેસ ફૂડ' ને ટેસ્ટી આકર્ષક અને ટકાઉ બનાવવા બીન આરોગ્યદાયી વસ્તુઓ, કેમિકલ્સ, પ્રીઝરવેટીવસ્ અને નોનવેજ વસ્તુઓ (જીલેટીન) અને પ્રાણીજ ચરબી વપરાય છે જે આપણા આરોગ્ય અને ધર્મ સાથે ખીલવાડ કરે છે. બજારુ ઘણીખરી વસ્તુઓમાં સાકર અને નમકનો ઉપયોગ વધુ કરાય છે. આવી બજારુ ચીજો અવારનવાર ખાવાથી ધીમા ઝેર (સ્લો પોઈઝન) જેવી અસર થાય છે અને નવી નવી બિમારીઓ થાય છે. આવા સર્વ ઝેરનો ત્યાગ કરી આરોગ્ય સાચવો.

❖❖❖


**ધરતીનું સ્વર્ગ કાશ્મીર**
**તા. ૭.૧૨.૨૧ થી ૧૭.૧૨.૨૧**

શ્રીનગર આગમનથી અમૃતસર ડ્રોપ જેમાં શ્રીનગરમાં શિકરાલેક, દાલ લેક, ગુલમર્ગ, સોનમર્ગ, એપલ બાગ, કાશ્મીરી કેસરબાગ, પહેલગામ ચંદન વલી, બેતવાલી, બેસરણ વેલી, વૈષ્ણવ દેવી, જમ્મુ સાઈડસીન, અમૃતસર વાઘા અટારી બોર્ડર, વીર સૈનિક પરેડ, સુવર્ણમંદિર ગોલ્ડન ટેમ્પલ, જલિયાંવાલા બાગ, શોપીંગ. ટાઈમ મળશે તો હજી ત્યાંના અલગ અલગ સાઈડ સીન જોવા મળશે.

**૨/૩ સ્ટાર હોટેલ એક રૂમમાં બે જણ**
**મુંબઈથી જ સ્વતંત્ર રસોડો પ્યોર જૈન નાસ્તો, લંચ, ડીનર.**
**૧૪/૧૭ સીટર મીનીબસ ટોટલ રૂા. ૧૮,૫૦૦/- ૧૦ રા. ૧૧ દિ.**
**૭.૧૨.૨૧ પીકઅપ પોઈન્ટ શ્રી નગર એરપોર્ટથી અને**
**૧૭.૧૨.૨૧ ડ્રોપ અમૃતસર**

કોન્ટેક્ટ : રવી ગડા-99304 99069, અંકુર કારાણી-99205 54513



**MEDI-CLAIM EXPERT**

**CLAIMS SETTLEMENT**

❖ REJECTED / DELAYED CLAIMS

❖ POLICY FROM ALL COMPANIES COVERED

**CONTACT EXPERT: 9820853112**


## How Diwali was celebrated in Corona Period

1. I am helping a Charitable Trust which is providing boarding to orphans and adivasi children from backward community over a decade. I am staying in Raheja Garden Co-op Housing Society, Thane. During the period of Corona the society has collected funds from all the members for medical help to poor Corona Patients and to distribute food for two times a day in April 2020 and May 2020.
2. Many lower middle class students join CA course, hence it is necessary to give scholarship to students who are eligible for the scholarship.

   "A Child is father of a man, the quality of education of the children today will determine the quality of life he/she will be living".
3. The Institute of CA has a scheme which is known a Chartered Accountant's Student Benvolent Fund under which scholarship of Rs. 15,000/- is given per student. Whereas Institute registration fees, books, exam fees and online classes of institute total cost to Rs. 40,000 to Rs.45, 000/- approximately of Inter CA and CA Final. The Institute has sufficient funds hence it is necessary to take corrective action at the earliest to increase scholarship amount to avoid hardship to lower middle class students or give scholarship loan without interest which he/ she can pay after completion of articleship.
4. I am not saying that wealth, prestige, status, fame are useless but these things do not come with us when leave this world. At the end of life what remains is the place we have made in the hearts of other people.

   That is why I believe that being helpful to other is not only our duty but being in a position to help other is a great honour and privilege.

**- CA Ramesh Devji Khona-Thane, Sandhav**


**Exclusive Embroidery & Upto date Finishing**

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

# ડોક્ટરની ડાયરી

– ડૉ. શરદ ઠાકર

આપણા ભારત વિકાસ પરિષદ પાલડીના પરિવારના સભ્ય સ્વ.અરૂણભાઈ ત્રિવેદીના જીવનમાં બનેલી એક સત્ય ઘટનાએ એમની સાથે સાથે મારી જિંદગીની દિશા પણ બદલી નાખી. આશરે પચીસેક વર્ષ પહેલાંની એ ઘટના. પરિવારમાં કોઈ વયોવૃદ્ધ વડીલનું મૃત્યુ થયું હતું. દિવાળી નજીકમાં હતી. બધાંએ નક્કી કર્યું... 'આ વરસે ઘરમાં મીઠાઈ નહીં ખવાય, એવું કરીએ કે મીઠાઈ બનાવીએ ખરાં પણ ગરીબોમાં વહેંચી આપીએ. સદ્ગતના આત્માને શાંતિ થશે અને આપણને સંતોષ મળશે.'

ઘરમાં તાવડો માંડીને કંદોઈ જલેબી ઊતારતો હતો, ત્યાં એક મિત્ર આવી ચડ્યો. વાત જાણીને મીઠો ઝઘડો કરવા માંડ્યોઃ 'તમારે એકલાએ પુણ્ય કમાઈ લેવું છે..? અમને પાપીયા જ રહેવા દેવા છે..? લો, મારા તરફથી આ પાંચ હજાર રૂપિયા.'

કંદોઈએ જલેબીના વધુ ઘાણ ઉતારવા માંડ્યા. ત્યાં બે-ચાર સગાંઓ આવી ચડ્યા. એમણે તો સીધું મહાભારત શરૂ કરી દીધુંઃ 'તમે એકલા દેવ અને અમે બધાં દાનવ, એવું જ ને..? અમારા બધાં તરફથી પાંચસો-પાંચસો લેવા છે કે પછી સંબંધ પૂરો થયેલો જાહેર કરવો છે..?'

લોગ મિલતે ગયે...! કારવાં બનતા ગયા..!!

બેન્કમાં સાથે નોકરી કરતા એક મિત્રે પોતાની ખાલી ટાંકીવાળી મારુતિ વેન આપી દીધી તો બીજા એક મિત્ર એ ટાંકીમાં પેટ્રોલ ભરાવી આપ્યું. બીજા એક હરિના લાલે પૂંઠાનાં બોક્સ લાવી આપ્યાં. દરેક બોક્સમાં જલેબી ઉપરાંત મોહનથાળ અને ચવાણું પણ પેક થઈ ગયું. હવે ગરીબીનું સરનામું શોધવાનું રહેતું હતું. ભારતમાં ગરીબોની સંખ્યા ભલે મોટી છે, પણ એમનાં દિલ નાના નથી. અમદાવાદની ફૂટપાથ પર પથ્થરનું ઓશીકું કરીને સૂતેલા એક ભિક્ષુકે મીઠાઈ તો ન સ્વીકારી, પણ ઉપરથી આવી સલાહ આપી દીધી.. 'ભાઈ, અમને તો તહેવારના દિવસોમાં એટલી બધી મીઠાઈઓ લોકો આપી જાય છે કે અમે ખાઈ પણ નથી શકતાં. અમારી પાસે ફ્રીજ તો હોય નહીં. માવાની મીઠાઈ બગડી જાય એટલે ફેંકી દેવી પડે છે. એક કામ કરો, અમદાવાદની બહાર નજર દોડાવો. ત્યાં તમને સાચા ગરીબો મળી રહેશે.'

અરૂણ ત્રિવેદીએ નજર દોડાવી. એકસો પાંત્રીસ કિ.મી. દૂરના ધોલેરા પંથકમાં ગરીબીનું કાયમી સરનામું મળી ગયું. ખારા પાટ વિસ્તારના એ તમામ ગામડાંઓની જમીન ટાલીયાના માથા જેવી હતી. ખેતમજૂરો વર્ષના ચાર મહિના મજૂરી કરતાં હતાં, બાકીના આઠ મહિના બંટીનો રોટલો પાણીના ઘૂંટડા સાથે ગળા નીચે ઊતારી દેતાં હતાં. ધનતેરસની રાત્રે અરૂણભાઈ અને મિત્રો આવા એક ગામની વચ્ચે જઈને ઊભા રહ્યા. સરપંચના ઘરેથી વિતરણ ચાલુ કરવું હતું, પણ ગરીબ સરપંચ દિલનો ઉદાર અને મનથી સંસ્કારી નીકળ્યો. એણે વિનંતી કરી. 'શુભ કામની શરૂઆત વડીલથી કરવી જોઈએ. ગામમાં બાણું વર્ષનાં એક માજી છે. સૌથી પહેલાં એમને મીઠાઈ ખવડાવો.' ટીમ સિનિયર મોસ્ટ સિટિઝનના ઊંબરે જઈ પહોંચી. સ્વતંત્ર ભારતનું એક ઘડપણ ઝૂંપડીની બહાર કાથીના ખાટલામાં બેઠું હતું અને પેટના કદીયે ન પુરાયેલા ખાડા પર હાથ ફેરવીને ઈશ્વરને કોસી રહ્યું હતું. મિત્રોએ માજીના હાથમાં ખોખું મૂક્યું. ઢાંકણું ખોલીને કહ્યું..

'બા, મીઠાઈ આરોગો.'

મા બિચારી ગૂંચવાઈ ગઈ. મોહનથાળનું બટકું હાથમાં


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

પકડીને રડી પડી.. 'બેટા, આ કેવી રીતે ખવાય..? જનમ ધરીને આ વસ્તુ મેં દીઠી નથી. આને પાણીમાં ચોળીને ખવાય..? કે રોટલાના બટકે ચડાવીને?'

આઝાદીનાં પચાસ વર્ષ પછી એક 'મધર ઈન્ડિયા'ના મુખેથી પુછાયેલો આ પ્રશ્ન સાંભળીને ત્યાં ઊભેલાં શહેરીજનો રડી પડ્યાં. અરૂણ ત્રિવેદીની આ વાત સાંભળીને છેલ્લાં ૨૫-૨૫ વર્ષથી આ મીઠો યજ્ઞ ચાલી રહ્યો છે. આદિવાસી વિસ્તારોથી લઈને ધોલેરા વિસ્તારના ગામડાંઓમાં ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ ઠાર્યા પછી જ મીઠાઈ ચાખવાનો ક્રમ હું અને મિત્રો નિભાવતા રહ્યા છીએ. આ દેશની સૌથી મોટી વિડંબના એ છે કે ધનવાનોનાં ઘરોમાં રેફ્રિજરેટર્સ મીઠાઈઓથી ઓવર ફ્લો થઈ રહ્યાં છે, પણ ડાયાબિટીસના ડરના કારણે શ્રીમંતો ખાઈ શકતાં નથી. ગરીબો ખાઈ શકવા જેટલું આરોગ્ય ધરાવે છે, પણ તેમને મીઠાઈ જોવાય મળતી નથી. દરેક દેશની અને પ્રજાની ખુમારી અલગ હોય છે. આપણા પડોશી મુલ્કનો વડોપ્રધાન ઘૂમતો કટોરો લઈને જગતના ચોકમાં સ્વમાન ભૂલીને ફરી રહ્યો છે. એનું નામ જ હવે તો 'કટોરાખાન' પડી ગયું છે. એની સરખામણીમાં આપણા દેશની સંસ્કૃતિ અભિમાન લેવા જેવી છે.

એક ઉદાહરણ યાદ આવી જાય છે. દિવાળીની રાત હતી. હું ત્રણ-ચાર મિત્રોને લઈને અમદાવાદથી ચાળીસ કિ.મી. દૂર આવેલા એક ગામમાં મીઠાઈ વિતરણ કરવા ગયા હતા. એક સાવ તૂટ્યા-ફૂટ્યા ઝૂંપડાની બહાર ગાડી ઊભી રાખીને અમે નીચે ઊતર્યા. અંદરથી એક નાનાં બાળકના રડવાનો અવાજ સંભળાયો..

'મા, મને લાડુ આપ તો જ હું ખાઈશ.'

મા બાપડી શું કરે..? એણે દીકરાને ધીબેડી નાખ્યો. સાથે એ પણ રડતી ગઈ અને બોલતી ગઈઃ 'લાડુ ક્યાંથી લાવું..? મારું કાળજું કાઢીને ખવડાવું..? મારા પેટે જલમ લીધો એના કરતાં કોઈ પૈસાવાળાના ઘરે જલમવું'તું ને..?'

ત્યાં જ મેં અવાજ કર્યો.. 'બહેન, દીકરાને રડાવો નહીં. લો, આ મીઠાઈ ખવડાવો એને'

બાઈ બહાર આવી, અમારી સામે જોઈ રહી, પછી આટલું બોલી ગઈઃ 'ભાઈ, તમે અમારી ગરીબીની દયા ખાઈને આ આપવા આવ્યા હોવ તો પાછા વળી જાવ. અમે ભલે ગરીબ છીએ પણ ભિખારી નથી.' તત્ક્ષણ બહાનું વિચારી કાઢવું પડ્યું...

'એવું નથી, બહેન. આ તો મારા ઘરમાં દીકરાનો જન્મ થયો છે એટલે બધાંને મીઠાઈ વહેંચવા નીકળ્યો છું.' (એ સમયે મારો પુત્ર વીસ વર્ષનો થયો હતો, એના જન્મની ખુશાલી હું બે દાયકા પછી વહેંચી રહ્યો હતો!) આટલું કહ્યા પછી એ સ્ત્રીએ મીઠાઈ સ્વીકારી. દરિદ્રતામાં સમાયેલી ખુમારીને સાચવવા માટે ક્યારેક 'અસત્ય'નો સહારો જરૂરી બની જાય છે. રાજપીપળાના જંગલમાં અવાવરૂ મકાનમાં રહીને ભણતા ચારસો આદિવાસી બાળકો સાથે થયેલો અનુભવ જાણવા જેવો પણ છે અને માણવા જેવો પણ. એક સખાવતી મિત્રના સહયોગથી પ્રતિવર્ષ ત્યાં મીઠાઈનું વિતરણ કરવા માટે જવાનું થાય છે. ધનતેરસની પૂર્વ સંધ્યાએ ગરીબ બાળકો અમારા આગમનની વાટ જોતાં બેઠાં હોય છે. શુદ્ધ ઘીમાં બનેલી મીઠાઈ અને અન્ય વાનગીઓની થેલીઓ અમે દરેકને આપીને પછી કહીએ કે.. 'મીઠાઈનો એક ટુકડો અહીં જ અમારી સામે ચાખો તો ખરા!'

જંગલમાં રહેતાં અર્ધશિક્ષિત અને આપણી નજરમાં 'અ-સંસ્કારી' એવાં સાડી ચારસો બાળકોમાંથી એક પણ છોકરો મીઠાઈ ખાતો નથી. બધાંના મુખે એક જ જવાબ હોય છેઃ 'ઘરે અમારા ભાઈ અને બુન અમારી વાટ જોતાં હશે. એ જ્યાં સુધી ભૂખ્યાં હોય ત્યાં સુધી અમે મીઠાઈ કેવી રીતે ખાઈ શકીએ..?'

અને પછી પંખીઓનું એ ઝૂંડ ઊઘાડા પગે કાંટા, કાંકરાવાળા વન-માર્ગ પર દોડવા માંડે છે. બધી જ સારી વાતો માત્ર શહેર પાસેથી શીખવા નથી મળતી. ક્યારેક ગામડાં પાસેથી પણ શીખવા જેવું મળી જાય છે. અને ક્યારેક કોઈક અમૂલ્ય રત્ન જેવી વાત 'જંગલ' પણ કહી જાય છે. આ દિવાળી દરમિયાન આપણે પણ મીઠાઈ આરોગતાં પહેલાં સહેજ રોકાઈને આપણી જાતને આ પ્રશ્ન પૂછી લઈએઃ 'જ્યાં સુધી આપણાં ભાંડુઓ ભૂખ્યાં બેઠાં હોય ત્યાં સુધી આપણે મીઠાઈ કેવી રીતે માણી શકીએ?'

**સંકલન : કુમાર બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ)**


**લગ્ન સંબંધી**

બેંકમાં જોબ કરતી સુંદર, દેખાવડી એજ્યુકેટેડ કન્યા હા. ૫.૭/ઉં. વર્ષ ૩૧ માટે ફક્ત મુંબઈ સ્થિત વેલસેટલ્ડ, કુંવારા, હાઈ એજ્યુકેટેડ સંસ્કારી યુવકના વડીલોએ સંપર્ક કરવો. **(મો.: ૯૭૬૯૫ ૭૫૧૧૭)**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ
# બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

બાયઠવાસી ક.દ.ઓ. જોગ, **સામાન્ય સભાનું પરિપત્ર** તા. ૨૦.૧૧.૨૦૨૧

માનનીય સભ્યશ્રીઓ,

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે આપણી ઉપરોક્ત બંને સંસ્થાઓની સામાન્ય સભાનું આયોજન રવિવાર તા. ૨.૧.૨૦૨૨ના રોજ બપોરના ૩.૦૦ થી ૪.૩૦ કલાકે સારસ્વતવાડી, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ મધ્યે કરવામાં આવેલ છે. તો આપ સૌ સભ્યો સમયસર સભામાં પધારશોજી.

## -: એજન્ડા :-

૧) ગત તારીખ ૩.૯.૨૦૨૧ની સ્થાનિક બાયઠ મધ્યે બંને સંસ્થાઓની યોજાયેલ સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન અને બહાલી.

૨) મહાજન પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસર સ્થાનિક પ્રમુખશ્રી નિલેશ મેઘજી પોલડીયા, ટ્રસ્ટીવર્ય શ્રી જીતેન્દ્ર રતીલાલ નાગડાનું અણધાર્યું દુઃખદ અવસાન થતાં તેમની સેવાઓની નોંધ લઈ સર્વેને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરવી.

૩) ટ્રસ્ટ બોર્ડ દ્વારા ઉપરોક્ત મહાનુભાવોની જગ્યાએ નવનિયુક્ત થયેલ સભ્યોની જાણ કરી બહાલી મેળવવી.

૪) નવનિયુક્ત પ્રમુખશ્રી, નવ નિયુક્ત સ્થાનિક પ્રમુખશ્રી તથા નવનિયુક્ત સહ ખજાનચીની થયેલ નિમણુંકને બહાલી આપી અને અભિનંદન આપી અનુમોદના કરવા બાબત.

૫) અત્યાર સુધીની આપણી બંને સંસ્થાઓની આર્થિક પરિસ્થિતી તથા ચાલતી પ્રવૃત્તિઓની રજુઆત કરી યોગ્ય નિર્ણય લેવા બાબત.

૬) તાત્કાલીક ધોરણે અતિથીગૃહ તથા ઉપાશ્રયનો જીર્ણોધ્ધાર (રીપેરીંગ) કરવાના ટ્રસ્ટ બોર્ડનાં નિર્ણય બાબત વિગતવાર રજુઆત કરી બહાલી મેળવવા બાબત.

૭) સંવત ૨૦૭૭ના પર્યુષણ પર્વ તથા શ્રી મહાવીર સ્વામી જીનાલયની ૭૦મી વર્ષગાંઠ નિમીત્તે યોજાયેલ ધ્વજા મહોત્સવના કાર્યની જાણકારી રજુ કરવા બાબત.

૮) સંવત ૨૦૭૮ના શ્રી મહાવીર સ્વામી જીનાલયની ૭૧મી વર્ષગાંઠ નિમીત્તે યોજાનાર ત્રીદિવસીય ધ્વજા મહોત્સવના કાર્યક્રમની (તા.૮.૨.૨૨ થી તા. ૧૦.૨.૨૨) ઉછામણીઓ કરવા બાબત.

૯) સંવત ૨૦૭૮ના શ્રી મહાવીર સ્વામી જીનાલયના વાર્ષિક ચડાવાઓની ઉછામણી કરી ભાગ્યશાળી પરિવારોને આદેશ આપવા બાબત.

૧૦) પ્રમુખશ્રી દ્વારા તેમજ પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા બાબત.

**તા.ક. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે. જેની કાર્યવાહી બંધારણીય ગણાશે. સાંજના ચૌવિહાર તથા સાધર્મિક ભક્તીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

લી. આપના ભવદીય : **લક્ષ્મીચંદ લાલજી પોલડીયા / રાજેન્દ્ર વેલજી પોલડીયા** માનદ્‌મંત્રીઓના જયજીનેન્દ્ર

---

**બાયઠવાસી ક.દ.ઓ. તથા ક.દ.ઓ. નિયાણી પરિવારો જોગ**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

વહાલા બાયઠવાસી ક.દ.ઓ. ગામાઈ પરિવારો તથા નિયાણી પરિવારો,

આપ સૌને સહર્ષ જણાવવાનું કે આપણા ગામનું જૈનોનું સ્નેહસંમેલન તા. ૨.૧.૨૦૨૨ને રવિવારના સાંજના પાંચથી દસ કલાકે સારસ્વતવાડી, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે યોજવામાં આવેલ છે. તો આપ સૌ ગામાઈ પરિવારો તથા આપણી નિયાણી પરિવારો સહકુટુંબ પધારશો એવી નમ્ર વિનંતી.

## -: કાર્યક્રમ :-

૧) પ્રથમ નવકાર મહામંત્રનું વાંચન (મંથન)

૨) સંવત ૨૦૭૮ના મહાસુદ દશમના શ્રી મહાવીરસ્વામી જીનાલયની ૭૧મી વર્ષગાંઠ નિમીત્તે યોજાનાર ત્રીદિવસીય ધ્વજા આરોહણ નિમીત્તે થનાર ચઢાવાઓ (ઉછામણી) બોલાવવામાં આવશે. અને ધ્વજા મહોત્સવ કાર્યક્રમની રૂપરેખા રજુ કરવામાં આવશે.

૩) સંવત ૨૦૭૮ના શ્રી મહાવીર સ્વામી જીનાલયની વાર્ષિક ઉછામણીઓ (ચડાવાની) બોલાવી ભાગ્યશાળી પરિવારોને આદેશ આપવામાં આવશે.

૪) વિશેષમાં આપણા મહાજન પ્રમુખશ્રી, સ્થાનિક પ્રમુખશ્રી, ટ્રસ્ટીવર્ય અને બંને સમાજના મહાનુભાવોની આપણી વચ્ચેથી અણધારી વિદાય થતાં તેમના આત્મશ્રેયાર્થે ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવશે.

૫) ત્યારબાદ દાંડીયા રાસ તથા ગરબા રાસનું આયોજન કરવામાં આવેલ છે.

સાંજના ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. અંતમાં આપણે સૌ સાધર્મિક ભક્તીનો લાભ લઈ છૂટા પડશું.

**તા.ક. સ્નેહસંમેલનમાં થનાર ખર્ચમાં આપ સૌ ઉછળતા ભાવે યથાયોગ્ય ફાળો લખાવશો એવી નમ્ર વિનંતી.**

**સંપર્ક માટેના નામ (ફાળો લખાવવા) : ૧)શ્રી જગદીશ ડુંગરશી દંડ - 98207 75677, ૨)શ્રી જગદીશ રાયશી ગોસર - 98210 14331**

લી. આપના ભવદીય : **લક્ષ્મીચંદ લાલજી પોલડીયા / રાજેન્દ્ર વેલજી પોલડીયા** માનદ્‌મંત્રીઓના જયજીનેન્દ્ર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી KDO જૈન મહાજન યવતમાળ

મહાજનની સભા આજે પ્રમુખ શ્રી વિક્રમભાઇ ધરમશીની અધ્યક્ષતામાં મળી હતી જેમાં શ્રી અશ્વિનભાઈ ધરમશીએ મહારાષ્ટ્ર એકમના કાર્યોની માહિતી, શ્રી મનીષભાઈ ધરમશી દ્વારા શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, ના B 2 B કમિટી દ્વારા ઉપલબ્ધ ઓનલાઇન પ્લેટફોર્મ, તેમજ સંજીવની મેડિકલ કમિટીના કાર્યો, ગ્લોબલ કાર્ડ, સ્વાભિમાન કમિટી દ્વારા સિનિયર સિટીઝનની પીકનીક , ગેટ ટૂ ગેધર , હોમ સ્ટે વગેરેની માહિતી અપાયેલ.

શ્રી પુર્વેશભાઇ લોડાયા, અને લહેરભાઇ નાગડા દ્વારા લાગા ભરવા અપીલ કરાયેલ.

### ડિપ્લોમા ઈન જૈન વિદ્યા



સૌ. સંગીતાબેન



સૌ ઊર્મિબેન

સૌ. સંગીતાબેન પૂર્વેશ લોડાયા (યવતમાલ-નલિયા) એ આદિનાથ જૈન ટ્રસ્ટ દ્વારા લેવાયેલ. ડિપ્લોમા ઈન જૈન વિદ્યાની પરીક્ષામાં ભારતમાં ૮મું રેન્ક પ્રાપ્ત કરીને ૯૭%, તેમજ સૌ ઊર્મિ ઉદય ધરમશિ (યવતમાલ-નલિયા) ૯૫% માર્ક્સ સાથે સફળતા પ્રાપ્ત કરેલ છે. તે બન્નેનું શ્રી KDO મહાજન, યવતમાળ અને અચલગચ્છ કચ્છી જૈન સંઘના વતીથી જાહેર બહુમાન કરાયેલ !!!

### શ્રી પરાગ નરેશ શાહ (મોમાયા)-નલિયાને પ્રમોશન



આમસ્ટર ડેમ-નેધરલેન્ડ ખાતે એચ.એસ.બી.સી. બેંકના સીઓઓ તરીકે કાર્યરત પરાગભાઈને એચ.એસ.બી.સી. બેંક જાપાનના સી.ઓ.ઓ. તરીકે પ્રમોશન મળ્યું છે. હવે તેઓ ટોક્યો જાપાન ખાતે કાર્યરત થશે. તેઓ ૧૩ વર્ષથી એચ.એસ.બી.સી. બેંકમાં કાર્ય કરે છે. તેઓ શ્રીમતી મનોરમાબેન તથા સી.એ. શ્રી નરેશ ભવાનજી શાહ(મોમાયા)-નલિયા (ઘાટકોપર)ના સુપુત્ર છે. તેમણે તેમની માસ્ટર ડીગ્રી CASS બિઝનેસ સ્કુલ લંડનમાંથી પ્રાપ્ત કરી છે.

### શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયા - મોટી સિંધોડી



ક.દ.ઓ. મોટી સિંધોડીના ટ્રસ્ટ બોર્ડમાં ટ્રસ્ટી તરીકે શ્રી મુકેશભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તે ઉપરાંત શ્રી મુકેશભાઈ શ્રી ક.દ.ઓ.મહાજન-મોટી સિધોડીના ચેરમેન, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-મુંબઈના કારોબારી સભ્ય, શ્રી ક દ ઓ સમસ્ત મહાજનશ્રીની બંધારણીય સમિતિના સભ્ય તેમજ પ્રીન્ટીંગ એસોશિયેશન સહિત અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા છે.

### શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ વડોદરા

મંડળ દ્વારા આયોજિત કચ્છ યાત્રા પ્રવાસમાં ૨૫ જણા જોડાયા હતા. ભુજમાં મ.સા.ને વંદન કરી વર્ધમાનનગર શ્રી વિમલનાથ દાદાની પૂજા, પ.પૂ. આચાર્ય શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. વંદન અને નવકારશી કરી બીદડામાં પ્રવર્તિનિ મહતરા મુખ્ય સાધ્વીજી પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ને વંદન કરી બઉતેર જિનાલય માંડવી, શીવમસ્તુ દર્શન, નવાવાસ દર્શન વંદન કર્યા હતા. બીજે દિવસે સાંધાણમાં દર્શન, પૂજા કરી સુથરી સાંધવ કોઠારા થઈ, રાપર-પરજાઉ-લાલા-જખૌ-નલીયા-તેરા દર્શન વંદન કરી વડોદરા પરત ફર્યા. દરેક ગામમાં બીરાજમાન સાધુ સાધ્વીજી ભગવંતોની વાણીનો લાભ લીધો. દરેક ગામના સંઘે બહુમાન અને સંઘ પૂજન કર્યું.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

દીપાવલી મિલન સહ વિદ્યાર્થી અભિનંદન સમારોહ તા. ૭.૧૧.૨૦૨૧ રાખવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથી સૌ. રાજુલાબેન ભુપેન્દ્ર ઉમરશી શિયાડ (જખૌ-ધમતરી) અને સૌ. મૃદુલાબેન ભુપેન્દ્ર ગોવિંદજી મોમાયા (સાંયરા-રાયપુર) હતા. કાર્યક્રમનાં પ્રારંભમાં નાની બાલિકાઓએ નવકાર મહામંત્રની સુંદર નૃત્યનાટિકા પ્રસ્તુત કરેલ. તતપશ્ચાત દીપ પ્રાગટ્ય અતિથીઓ દ્વારા કરવામાં

આવેલ. અતિથીઓનું સ્વાગત મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ કરેલ અને સર્વે જ્ઞાતિજનોને નવવર્ષની વધાઈ અને શુભેચ્છા આપેલ. મુખ્ય અતિથી દ્વારા પ્રેરક સંદેશ આપેલ. શ્રી અમિત હીરાચંદ મૈશેરીનું રાજનૈતિક ક્ષેત્રમાં અને શ્રી ભાવિક શશી નાગડાનું વ્યાવસાયિક ક્ષેત્રમાં સફળતા બદલ વિશિષ્ટ સમ્માન કરવામાં આવ્યું. સ્વ. સૌ. ગીતાબેન હરીશ જવેરચંદ લોડાયા મેડીકલ સહાય યોજનાના સ્વર્ણદાતા અને રજતદાતા પરિવારનું સમ્માન કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના સફળ વિદ્યાર્થીઓનું સન્માન અને પારિતોષિક વિતરણ કરવામાં આવેલ. અંતમાં આભારદર્શન શ્રી હરીશ શીવજી લોડાયાએ કરેલ કાર્યક્રમનું સંચાલન સૌ. વીણા મોમાયા અને સૌ. ભવ્યા અમિત જીવાણીએ કરેલ.

### માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ચોકના બોર્ડનું ઉદ્‌ઘાટન




મુંબઈ મહાનગરપાલિકાના નગરસેવિકા શ્રીમતી નેહલબેન શાહના વરદ્‌હસ્તે તાજેતરમાં માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ચોકના બોર્ડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારે શ્રી નલીનભાઈ અજાણી તથા શ્રી અમરભાઈ શાહ ઉપસ્થિત હતા.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

તા. ૫.૧૧.૨૦૨૧ નવવર્ષના માંગલિક દ્વાર ઉદ્‌ઘાટન સકલ સંઘ સાથે જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનના લાભાર્થી પરિવાર સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર જખૌ-રાયપુર હતા.

લાભ પાંચમ તા. ૯.૧૧.૨૦૨૧ના શ્રી જ્ઞાન સ્થાપનાનું આયોજન વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ.

### મુખ્યમંત્રીશ્રીનાં વરદ્‌હસ્તે શ્રી પ્રબોધ મુનવરનું સન્માન

કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની મહામારી સામે પોતાના સ્વાસ્થ્ય કે પરિવારની ચિંતા કર્યા વગર લડાઈમાં



પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રહિતમાં સેવા-યોગદાન-સમય આપનાર માનવજ્યોત સંસ્થાનાં શ્રી પ્રબોધ મુનવરને રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કોરોના યોદ્ધા સન્માન પત્ર અર્પણ કરાયું હતું.

આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલ, સાંસદ વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ, જીલ્લા પ્રભારી કીર્તિસિંહ વાઘેલા, જીલ્લા પંચાયત અધ્યક્ષા પારૂલબેન કારા સહ અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મુનવરે કોરોના કાળ દરમ્યાન ''ભૂખ્યાને ભોજન'' પ્રવૃત્તિ દ્વારા ભુજ વિસ્તારનાં ૨૧ ગામોમાં રસોડા શરૂ કરાવી અઢી લાખ લોકોને ભરપેટ જમાડ્યા હતા. જેની રાજ્યકક્ષાએ નોંધ લેવાઈ હતી.

### પ્રસિદ્ધ ગાયક પાર્થીવ ગોહિલ અને માનસી પારેખ ગોહિલ દ્વારા કચ્છ અને કચ્છી ગીતોનો કાર્યક્રમ



પ્રખ્યાત ગાયક પાર્થીવ ગોહિલ અને માનસી પારેખ ગોહિલ એ બે કલાકનો સંગીતનો કાર્યક્રમ કચ્છ અને કચ્છી ગીતો ઉપર બનાવ્યો છે એનો પ્રિમીયર પ્રોગ્રામ ૧૩ નવેમ્બરના અંધેરીના પીવીઆર સિનેમામાં યોજાઈ ગયો. જેમાં ફિલ્મ જગતના કલાકાર-કસબીઓએ હાજરી આપી હતી. દરેક કચ્છીએ આ કાર્યક્રમ રિલીઝ થાય ત્યારે સિનેમા હૉલમાં જઈને જોવો જોઈએ.

### પુના સખીવૃંદ

ઓક્ટોબર મહિનાની મીટીંગ તારીખ ૯ના ''સ્પિરિચ્યુઆલિટી in day to day life'' ના વિષય ઉપર ઓનલાઇન યોજાઇ હતી.

આધ્યાત્મિકતાની સફર ખેડવા માટે મીનાબેન મોમાયાએ

નીનાબેન ગાલાને આમંત્રણ આપ્યું હતુ. જેટલો સુંદર વિષય એટલો જ શાંતી થી અને વિશિષ્ટ રીતે એનું વર્ણન કરવામાં આવ્યુ હતુ. જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આત્માનો સ્વાધ્યાય કરવાથી સમ્યકત્વના બીજ ફળવાની સંભાવનાઓ વધી જાય છે એ જણાવ્યું. આત્મા બે પ્રકારની ક્રિયા સદંતર કરતી રહે છે જોવું અને જાણવું. જ્ઞાનનો અખૂટ ભંડાર છે આત્મા પાસે.જેમ જેમ આત્માની શુદ્ધિ વધતી જશે તેમ ડગલેને પગલે અનુભૂતિ થતી જશે અને પરમાત્મા તરફથી મળતી સહાય તમે ઘણી બધી રીતે અનુભવી શકશો એ જણાવ્યું. સખીયોને નવ તત્વો, છ દ્રવ્યો અને કર્મ સિદ્ધાંતનો અભ્યાસ કરવો જોઈએ એ સૂચવ્યું. જે જૈનીઝમમાં હજારો વર્ષ પહેલા કહ્યું છે એ બધું વિજ્ઞાન હવે શોધી રહ્યું છે. એમણે કાચા પાણી અને ઉકાળેલા પાણીના ઉપયોગની ખરી સમજ આપી. અરિહંત પરમાત્મા પાસે અખૂટ ખજાનો છે.

એનર્જી સેન્ટરનો ચોથો એપિસોડ ''મેરૂદંડ'' તારીખ ૨૦ ઓક્ટોબરના ઓનલાઇન યોજાયો હતો. spinal cord ની રોજીંદા જીવનમાં હિલચાલ (movement) કરવી ખૂબ જ જરૂરી છે. એ માટે નિશાજીએ તાડાસન, કોણાસન, અર્ધ કટિ ચક્રાસન, ત્રિકોણાસન, હસ્ત ઉકત્તાનાસન, હસ્તપાદાસન જેવા બીજા ઘણા બધા આસન બધી જ મુદ્રાઓમાં (standing, sitting, sleeping) આસાનીથી કરી શકીએ એ રીતે શીખવ્યા.

અંતમાં ચાંદની લોડાયાએ મીનાબેન, નીનાબેન અને નિશાબેન નો આભાર વ્યક્ત કર્યો હતો.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો–પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

## સી.એ. સુમનલાલ લોડાયાની ઓચિંતી વિદાય



સક્રિય સૌમ્ય સ્વભાવના સી.એ. સુમનલાલ શિવજી લોડાયા-કોઠારા(ઘાટકોપર) માત્ર ૬૧ વર્ષની વયે તા. ૧૦.૧૧.૨૦૨૧ના રોજ આપણી વચ્ચેથી ઓચિંતા વિદાય થઈ ગયા.

અરિહંત બેંકના ડાયરેક્ટર પદે સેવા આપી ચુકેલા સુમનભાઈ ખાસ તો સ્વાસ્થ્ય બાબતે જાગૃતી લાવવા પ્રયાસ કરતા હતા. તેમણે એક મોર્નિંગ વોકર્સ ગ્રુપ બનાવેલુ અને વિવિધ સામાજીક ઉદ્દેશ લઈને યોજાતી મેરેથોન દોડમાં અચૂક ભાગ લેતા હતા. તેમણે મૃત્યુ અગાઉજ કેન્સરને લગતી મેરેથોન દોડમાં ભાગ લીધેલો જે એમની લગનની સાથ પુરાવે છે. ઈશ્વર એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ પ્રકાશ સમીક્ષા સમિતીની શ્રદ્ધાંજલી.

**પંદરમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના**

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં. ૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં. ૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપૂર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિણેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા શાસન પ્રભાવિકા પ. પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.ની
પંદરમી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટી કોટી વંદના...
આપની અમી દૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

**: શ્રદ્ધાસુમન :**

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
**(બાંઢિયા - ઐરોલી)**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

## વતનના વર્તમાન
**સંકલન : કેસરસિંહ ખોના**

### ઠંડીના પ્રમાણમાં વધારો

કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. હાલમાં ૧૨.૬ ડિગ્રી તાપમાન સાથે નલિયા રાજ્યની શીત પ્રકોપ રાજધાની બની રહી છે.

હજી તો શિયાળાએ માત્ર ડંકા દીધા છે. ત્યાં અસહ્ય ઠંડી ફરી વળી છે. કચ્છ જનારાઓએ ગરમ વસ્ત્રો પૂરતા પ્રમાણમાં સાથે રાખવા.

### નખત્રાણા નિષ્કલંકી તીર્થધામ

શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજના નિષ્કલંકી તીર્થધામ ખાતે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુ અને ઉમિયા માતાજી મંદિરની ૧૩માં વાર્ષિક પાટોત્સવની શાનદાર ઉજવણી થઈ.

### ગાંધીધામ કુટુંબ સલાહ કેન્દ્રને 'હું'ના સર્વેમાં પ્રથમ રેન્કિંગ

ડૉ. નીમાબેન આચાર્યના નેતૃત્વ હેઠળ અખિલ કચ્છ મહિલા ઉત્કર્ષ મંડળ સંચાલિત કુટુંબ કલ્યાણ કેન્દ્ર 'હું' વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન 'હું' વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા આયોજિત સર્વેક્ષણમાં 'સર્વ શ્રેષ્ઠ' (પ્રથમ ક્રમાંકનું રેન્કિંગ આપવામાં આવ્યું છે.

કેન્દ્રના સમાજ કલ્યાણ બોર્ડની સહાયથી દેશના દરેક રાજ્યમાં આવા કેન્દ્ર ઊભા કરાય છે. હાલના સર્વેમાં ઉપરોક્ત કેન્દ્ર સર્વપ્રથમ હોવાનું જણાયું છે.

### ભેડિયા બેટ પર જવાનોની દીવાળી

ભેડિયાબેટ પર તૈનાત જવાનોને રાષ્ટ્રીય એકતા દિન (સરદાર વલ્લભભાઈ પટેલના જન્મજયંતિ) પ્રસંગે જવાનોને દીપાવલીની શુભેચ્છા આપવા કચ્છ જિલ્લા મહિલા મોર્ચાના પ્રમુખ શ્રીમતી ગોદાવરીબેન ઠક્કર અને કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પારૂલબેન કારાના નેતૃત્વમાં એક પ્રતિનિધિ મંડળ ભેડિયા બેટ પહોંચ્યું હતું. જ્યાં ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન નષ્ટભ્રષ્ટ કરાયેલી એરપોર્ટ રનવેને જાનના જોખમે રિપેર કરનાર વીરાંગનાઓને યાદ કરવામાં આવી હતી.

### કેલેન્ડરની ગમ્મત

આગામી વર્ષ ૨૦૨૨માં સંવત ૨૦૭૮ના પ્રારંભ સાથે ઈ.સ. ૨૦૨૧ના ૫૭ દિવસ અને ૨૦૨૨ના ૨૯૮ દિન મળી કુલ ૩૫૫ દિવસ થાય, આ ગાળામાં બુધ અને ગુરૂવારના દિન ૫૦-૫૦ છે જ્યારે અન્ય વારના દિવસ પ્રત્યેક ૫૧ દિનના છે. વળી વર્ષ ૨૦૨૨ના ગાળામાં અધિક માસ નથી એમ મમુઆરખા માજી શિક્ષક બેચરદાસ રામજીભાઈ પ્રજાપતિ અને એમના પુત્રી હેલીની ગણના પરથી ફલિત થાય છે. પિતા-પુત્રી બન્નેને રાજ્ય સરકારે પુરસ્કાર પ્રદાન કર્યા છે.

બન્ને જનક-જાનકીના જોડી ઈસવીસન કેલેન્ડર વિષે અભ્યાસ સંશોધન કરે છે.

### સિંધી સમાજની હટડી પૂજા

પાકિસ્તાન બનતા સિંધમાંથી વિસ્થાપિત સિધી સમાજના પુનર્વસન માટે કચ્છમાં ગાંધીધામનગરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ ગાંધીધામમાં ખાસ કરીને સિંધી પરિવારોના પુનર્વાસ માટે સિંધુ રીસેટલમેંટ કાર્યોની રચના કરવામાં આવી હતી. જે આ વિષયની વિશ્વની એક માત્ર કંપની બની રહી છે.

અહીં વસતા સિંધી પરિવારો એક અનોખો ઉત્સવ ઉજવે છે. જેને 'હટડી પૂજા' કહેવાય છે. આ હટડી કે નાની દુકાનમાં તહેવારો સંબંધી નાની-મોટી વસ્તુઓનું વેચાણ કરાય છે. જે આ વિશિષ્ટ વ્યાપારી સમાજની પરંપરાગત ધરોહર છે.

### ભુજની ચામર યાત્રામાં નવો ઈતિહાસ

કચ્છના રાજવંશના ઈતિહાસમાં પહેલી જ વાર રાજમહિષી મહારાણી પ્રીતિબાને ચામર યાત્રાને પ્રસ્થાન કરાવવાનું બહુમાન મળ્યું છે.

ન્યાયાલયના ચુકાદા મુજબ મહારાણી પ્રીતિબાએ આસો સુદ પંચમીના દરબાર ગઢ ટીલા મેડી ખાતેથી પૂજન-યાત્રા શરૂ થાય છે. હવે અષ્ટમીના હવન અને પત્રિકા વિધિ પણ મહારાણી પ્રીતિબા હાથ ધરશે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). ભૂતકાળ બદલી શકાતો નથી.**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**શ્રી મધુકાંત વીસનજી છેડા**
PS 951 (ગામ : જશાપર )
302, સંસ્કાર, શાંતી પાર્ક,
ઘાટકોપર (ઈસ્ટ), MH - 400 077.
(M) : 09892 62914 / 09324 15577

- - -

**શ્રી પ્રવીણચંદ્ર જેતશી દંડ**
PS 5075 (ગામ : ભરૂડીયા )
A-27, યુગાન્ડા પાર્ક સોસાયટી,
સરદાર પટેલ સ્કુલની પાછળ,
ભૈરવનાથ રોડ, મણીનગર
અમદાવાદ, GJ - 380 008.
(M) : 097378 16733

- - -

**શ્રી નવીન જીવરાજ અજાણી (લોડાયા)**
PS 1064 (ગામ : કોઠારા )
1103, નાહુર વિવેકાનંદ સિલ્વર પાર્ક કો.ઓ.હા.
ઈન્દ્રપ્રસ્થ સોસાયટી પાસે,
જૈન મંદિર રોડ, સર્વોદય નગર,
મુલુંડ (વેસ્ટ), MH - 400 080.
(M) : 099878 88244

- - -

**શ્રી જયેશ નવીનચંદ્ર છેડા**
PS 1073 (ગામ : વારાપધર )
B-702, જસવંતી વુડ્સ,
વૈશાલી નગર બસ ડેપોની પાછળ,
ઘાટીપાડા રોડ, ઑફ બાલરાજેશ્વર રોડ,
મુલુંડ (વેસ્ટ) MH - 400 080.
(M) : 098673 68970

- - -

**શ્રીમતી કસ્તુરીબાઈ કેશવજી નાગડા**
PS 3973 (ગામ : વારાપધર )
204, બીજે માળે, કુલીન કો.હા.સો.
જુની પોસ્ટ ઓફિસની પાસે, સમ્રાટ ચોક,
પંડિત દિનદયાલ ઉપાધ્યાય રોડ,
ડોંબિવલી (વેસ્ટ), MH - 421 202.
(M) : 098798 19562

- - -

**શ્રી ધારેશ ગોવિંદજી ધરમશી**
PS 5518 (ગામ : સુથરી )
301, હેપ્પીનેસ, સિટી ઓફ જૉય,
જટાશંકર ડોસા રોડ,
મુલુંડ (વે), MH - 400 080.
(M) : 093797 77879

- - -

**શ્રી કીર્તીકુમાર નેણશી મોમાયા**
PS 6331 (ગામ : વરાડીયા )
C-101, વિસ્ટા-૧, ધ વુડ્સ,
પાર્ક સ્ટ્રીટ પાસે, વાકડ,
પુણે, MH - 411 057.
(M) : 070696 31792

- - -

**શ્રી અરવીંદ કુંવરજી લોડાયા**
PS 3964 (ગામ : વારાપધર)
I-10, માઈ-માઉલી કો.હા.સો.,
ઑફ ગાવદેવી મંદિર,
માનપાડા રોડ,
ડોંબિવલી (ઈસ્ટ), MH - 421 201.
(M) : 074986 40452.

- - -

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૨.૨૦૨૧ | ડોંબિવલી | હેરી, સીમા પરેશ વેલચંદ લોડાયા | ગોરખડી | પુત્ર |
| ૦૨.૧૦.૨૦૨૧ | ઈટારસી | હિતાર્થ, કરીશ્મા લોકેશ લોડાયા | નલીયા | પુત્ર |
| ૨૦.૧૦.૨૦૨૧ | અમદાવાદ | દિત્યા, અદિતી પ્રિયેન લોડાયા | સાંધવ | પુત્રી |
| ૨૯.૧૦.૨૦૨૧ | ગોરેગામ | મિત્વી, છાયા મિતેષ ચેતન વોરા | રંગપૂર | પુત્ર |

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત બે સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | સૌરભ બિપીન જીવરાજ મોમાયા | સાંયરા | ૨૫ |
| | ભાંડુપ | સલોની પંકજ ખીમજી ગોસર | બાયઠ | ૨૪ |
| ૦૨.૧૧.૨૦૨૧ | ભાંડુપ | હિમાંશુ ધીરેશ ઉત્તમચંદ મુનવર | જખૌ | ૨૬ |
| | હૈદરાબાદ | હર્ષિતા વસંત પદમશી મોતા | કુઆપધર | ૨૩ |
| ૦૬.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | જેકી અભય ત્રિકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૧ |
| | થાણે | ઉર્વશી રમેશ અભયચંદ મોતા (શાહ) | સાંધવ | ૨૮ |
| ૦૯.૧૧.૨૦૨૧ | ભાંડુપ | તેજસ મહેન્દ્ર ગોવિંદજી ખોના | જખૌ | ૨૯ |
| | ડોંબિવલી | ડૉ. કાજલ વિજય ચીમનલાલ ધરમશી | સાંયરા | ૨૭ |
| ૦૯.૧૧.૨૦૨૧ | અમદાવાદ | રોહન સંજય લક્ષ્મીચંદ મોતા | સુથરી | ૨૭ |
| | સોલાપુર | વિરલ રમેશ લીલાધર દંડ | કોઠારા | ૨૫ |
| ૧૨.૧૧.૨૦૨૧ | ધુલિયા | હિમાંશુ જયંત અભયચંદ દંડ (શાહ) | છાડુરા | ૩૨ |
| | મુલુંડ | સુષ્મા કિરણ દેવરાજ લોડાયા | સાંધવ | ૩૩ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૧૦.૨૦૨૧ | ચેન્નઈ | પ્રતિક કિશોર મોતા | નલિયા | ૨૫ |
| | ચેન્નઈ | સ્નેહા ગૌતમચંદજી બોકડીયા (જૈન) | જોધપુર | ૨૪ |
| ૦૭.૧૧.૨૦૨૧ | કાલાવડ(રાજકોટ) | નિશાંત બિપીનભાઈ જેઠાલાલ સાંચલા | ધૂલિયા | -- |
| | પુના | કરીશ્મા હર્ષદ હેમરાજ લોડાયા | સુથરી | ૨૮ |
| ૦૮.૧૧.૨૦૨૧ | વડાલા | હર્ષિલ મુકુંદ ઉમરશી મોમાયા | રાયધણજર | ૨૯ |
| | દાદર | પંક્તિ ભરત મોહનલાલ નાગડા | કોટડી મહાદેવપુરી | ૨૭ |
| ૦૯.૧૧.૨૦૨૧ | ચેમ્બુર | ગૌરવ કલ્યાણજી ધનજી વીરા | નવાવાસ | ૩૦ |
| | ખંડવા | કેયા ચેતન નવીનચંદ્ર નાગડા | નલિયા | ૨૯ |
| ૧૨.૧૧.૨૦૨૧ | અંધેરી | નિરજ મનોજ જવેરચંદ લોડાયા | નલીયા | ૩૧ |
| | ઘાટકોપર | નેહા દેવેન્દ્ર ખેતસી શાહ (નાગડા) | ગઢસીસા | -- |
| ૧૪.૧૧.૨૦૨૧ | અંજાર | થિરેશ સંજય નરશી લોડાયા | તેરા | ૨૮ |
| | અંજાર | સ્નેહા રસિકલાલ ગોપાલજી વોરા | ભૂવડ | -- |
| ૧૫.૧૧.૨૦૨૧ | હૈદરાબાદ | રાહુલ મહેશ હેમચંદભાઈ શાહ | નોંધણવદર | -- |
| | કોઈમ્બતૂર | પ્રાચી જયેશ હિંમતલાલ લોડાયા | ખાવડી મોટી | ૨૩ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૦૯.૨૦૨૧ | લંડન | રિતેશ લલિત વાલજી શાહ (મોતા) | સુથરી/નાસિક | ૪૦ |
| | લંડન | માર્ટીના માઉરો કિયારી | પારમા/ઈટલી | ૩૩ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૧.૨૦૨૧ | અંજાર | લીલાવંતી દામજી નાગડા | નલિયા | ૮૩ |
| ૦૨.૧૧.૨૦૨૧ | ચાલીસગામ | અંજનાબેન ભરત લોડાયા | ખાવડી નાની | ૬૧ |
| ૦૩.૧૧.૨૦૨૧ | ગાંધીધામ | પ્રેમીલાબેન મેઘજી મોમાયા | સાંયરા | ૮૦ |
| ૦૩.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | નવીન જીવરાજ લાપસીયા | દલતુંગી | ૪૭ |
| ૦૫.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | મીનાબેન કિરણ દંડ | સાંધવ | ૫૧ |
| ૦૭.૧૧.૨૦૨૧ | હૈદરાબાદ | જવેરચંદ કુંવરજી મૈશેરી | બાંઢીયા | ૭૧ |
| ૦૭.૧૧.૨૦૨૧ | હુબલી | લહેરચંદ રાયચંદ ખોના | નલિયા | ૬૬ |
| ૦૮.૧૧.૨૦૨૧ | -- | હર્ષા ભાલચંદ્ર પાંજરી | -- | ૫૨ |
| | | ગુણવંતી લક્ષ્મીચંદ ધરમશી ના પુત્રી | નાની ખાવડી | |
| ૦૮.૧૧.૨૦૨૧ | જલગામ | નરેન્દ્ર હંસરાજ મોમાયા | જખૌ | ૭૪ |
| ૦૮.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | હિરબાઈ હિરાચંદ લોડાયા | સાંયરા | ૭૧ |
| ૦૯.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | રાજશ્રી (નિર્મળાબેન) રજનીકાંત ખોના | મોટી ખાવડી | ૬૬ |
| ૦૯.૧૧.૨૦૨૧ | હૈદરાબાદ | વિનોદ હિરજી નાગડા | લાલા | ૭૪ |
| ૧૦.૧૧.૨૦૨૧ | ઘાટકોપર | સુમનલાલ શીવજી લોડાયા | કોઠારા | ૬૧ |

- - - -

BEING JAIN

# Immense Significance of Kartiki Poonam



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Of the several Parva tithis that a Jain calendar is besprinkled with, Kartiki Poonam is one of the most important. Kartiki Poonam is celebrated on the full moon day in the month of Kartik (a fortnight after Diwali) and has special significance in Jainism because Chaturmas which starts from Ashadha Chaturdarshi ends on Kartiki Poonam. This auspicious day is important in Jain tradition for various reasons:

- Firstly, after the suspension during the entire Chaturmas, the pilgrimage of the eternal shrine of Shri Shatrunjay Mahatirtha Palitana; famed for being spiritually charged, begins again on the day of Kartiki Poonam.
- On this day Dravid and Varikhil, the grandsons of Bhagwan Adinath Rishabhdev, had attained salvation along with 10 crore sages at Shatrunjay.
- On this day, Jain monks and nuns resume their vihar (journey) after the completion of Chaturmas, their monsoon sojourn.
- This day is celebrated as the birth anniversary (Janmakalyanak) of Bhagwan Sambhav Nath, the third Tirthankar.
- 'Kalikalsarvagna (the knower of all knowledge in his times)
- Shri Hemchandracharya, a great Jain saint and scholar of the twelfth century was born on this day.
- Shrimad Rajchandra the great Jain poet, philosopher and reformer of recent times was also born on Kartiki Poonam.

Kartiki Poonam also has an exclusive significance because one who meditates on Jineshwar at Siddhagiri and performs excellent worship for this day, enjoys all kinds of pleasures in this world and attains liberation in a short time. By observing only one fast on the day of Kartiki Poonam, while worshiping Shatrunjaya Tirth, one becomes free from deadly sins like, vaticide, femicide and infanticide. The story of how Dravid and Varikhill destroyed their karma and attained liberation on the holy day of Kartiki Poonam is very exemplary and inspiring.

Before being initiated as a Jain ascetic Dravidaraja, the son of Lord Rishabhdev, divided his royal estate between his two sons Dravid and Varikhill. He gave the kingdom of Mithila to his elder son Dravid and distributed one lakh villages to his younger son Varikhill. Dravid was dissatisfied that despite being older, he got less and Varikhill got more. Due to this, he was always jealous of Varikhill and his jealousy was manifested from time to time. Ultimately It became unbearable even for Varikhill and anger hatred and animosity began to mount between the two brothers.

Ego, envy, greed and grudge ignited the flames of war. The armies of the brothers clashed on the battlefield. Millions of soldiers beings began to be massacred. A fierce battle raged for more than seven months. However, with the onset of the monsoon, the war was stopped and both sides began to rest in their respective camps.

At the end of Chaturmas, Dravid met a great saint. Sage Shri Suvalgu preached to Dravid. Hearing the wise words of the sage, Dravid had a drastic change of heart. He took steps to go to where his younger brother Varikhill lived. Varikhill also saw his brother approaching and went to him and humbly fell at his feet.

The veil of darkness caused by attachment and delusion melted away and the divine light of understanding appeared. Both brothers, Dravid and Varikhill, handed over their kingdoms to their respective sons and became hermits with ten crore people, including ministers.

Later, under the influence of vidyadhar muni, Dravid and Varikhill got initiated as Jain monks and having heard from the saint about the spiritual glory of Tirthadhiraj, Shri Shatrunjaygiri, they embarked on a pilgrimage to Siddhgiri. On reaching Shatrunjay, they began penance and finally attained Moksh along with 10 crore sadhus on the Kartiki Poonam day.

Following in the footsteps of sages like Dravid and Varikhill, the souls who travel to Shri Shatrunjay Mahatirth on this holy day, with pure mind, speech and body, are sure to attain liberation like them.

Thought Circle

# The Formula for Success

Pravinchandra Shamji Dharamashi (Shah),
Kothara- Surat. 9978903247



The definition of the word success is personal and not universal, so how to justify the title of this article! This it self is a puzzle or teaser. I have tried to decode this in my own way and that is the text of this article. Success in general means reaching a goal, accomplishing a task or otherwise accomplishing what a person is set out to do. Essentially, something is a success when the outcome turns out well, as planned and desired. This is at the best, the narrative of word success and not formula, as a formula has some element of mathematics in it.

In general success is a combination of many factors, which are designated as F and the number added to it defines the multiplicity of it which varies from the task to task. So the mathematical formula of success emerges as SUCCESS= $(F_1+F_2...F_n +1)$*LUCK. Luck is a binary number which is, if 1 means good luck and if 0 (zero or cipher) means bad luck. It is universally accepted that; any number multiplied by 1 does not alter its value, but if it is multipled by 0 it becomes null or useless. So the most essential ingredient of success is only luck and that too GOOG LUCK. Many factors or ingredients usually associated with success are knowledge, skill, timing, strength, efforts, hard work, tenacity, persistence, support, speed etc. This list is endless and task specific, but the presence of luck is the most essential and universal ingredient. In general LUCK is considered as GOOD LUCK and no need to add adjective good to it but when LUCK is not favourable, people use the word BAD LUCK, here adjective bad is used. Some intelligent readers may wonder why I have added +1 in the above formula. The answer to it will be found in the actual or real life incidents I have come across and which I will narrate to justify the title of this article.

Most of the times a person has to devote a lot of time and energy to accomplish the desired or chosen task, be it academic, social, political, trade, business ...etc. It may also require the task specific skill, knowledge, infrastructure and other ingredients, which I call factors. If a person wants to become a Chartered Accountant, he or she has to pass various stages of study and learning and after a considerable time he/ she will get the coveted degree of CA, provided luck favours him/her. Like wise if a person wants become a sports person, he/she will have to devote a lot of time and energy for practice and physical fitness. Similarly if a person wants to become a musician he/she will have to devote a lot of time for practice or Riyaz. The completion of the most of the tasks depends on various task specific factors without which you can not accomplish it; however the success of it depends on the invisible and mysterious element or ingredient called LUCK. May be because of this uncertainty created by luck, the famous saying 'Man proposes, God disposes' is evolved.

It is also a universally accepted fact that almost every person wants to be RICH or financially well off; as a result most of our activities are carried out to earn money, and here the invisible and mysterious element or ingredient called LUCK plays the major role. In all other sphere of life without the addition of task specific factors, neither the accomplishment nor success is possible. But in some cases the financial success is noted without any efforts or addition of task specific factors but merely by a stroke of luck! Most of us might have come across many incidents or examples where a person becomes overnight rich, not because of any noticeable efforts or struggle but merely by

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા – સુજાપર (ભાંડુપ)

a stroke of luck like winning a lottery or by inheritance etc. So even if in the formula of financial success F=0, but 1 is present so luck multiplied by 1 remains luck! That is why many wise and knowledgeable persons respect scholars or learned persons, artists, sports persons and like, because the later have struggled to acquire their knowledge or skill and spent considerable time and energy for the same. The riches or wealth received without any efforts is nothing but the stroke of luck and is neither an accomplishment nor an achievement.

There are a few incidents where people have become overnight rich not by winning a lottery or by inheritance. In many metro cities due to shortage of open land and huge demand of residential and commercial properties, the trend is to go for high rise buildings or sky scrapers. In the scenario of non-availability of open land, the builders and developers are resorting to REDEVELOPMENT of existing low rise buildings or chawls. For this they have to compensate the existing occupants of the property under consideration, even though they may be tenants or the rentee and not the owner. Most of the builders offer more area as well as ownership of the property. This is nothing but a windfall and a stroke of luck. In the process many persons have become overnight millionaires. As mentioned earlier, the luck is a binary number which is 1 incase of good luck or 0 in case of bad luck. Cases are also reported in many places where due to large scale acquisition or encroachment of properties by some communities which are notorious due to their anti or unsocial behavior, people have lost huge amount of hard earned money amounting to life long savings, due to depreciation of property rates. In some extreme cases, they have even left their property as it is.

A few weeks back a friend of mine who is a retired banker and inhabitating in our society came to mourn the death of my wife. They had temporarily shifted to a village like locality on the outskirt of Surat due to out break of Covid-19 and now returned due to near normal situation. He told me that his son who is under graduate and working in a nearby school as a clerk has a big house belonging to his son's in-laws where they had stayed. Recently his son's mother in law died leaving a huge plot of land for his son, as there is none in her family other than her daughter. The estimated value of the land is close to 20 crores! They belong to a community where it is almost mandatory by social custom to have a plot of land in the family without which the boys don't get alliance proposal and girls must be working to get the alliance proposals. The government job is considered as an asset in this community and it fetches premium! Almost similar story is known to us; wherein a young industrialist of the same community, having a turn over of close to Rs. 300 crores is married to the only daughter of another industrialist whose empire is valued at close to Rs. 400 crores. The young industrialist when in a lighter mood proudly says that sooner or later he will become the owner of it.

Recently in one state, there was a change of entire cabinet and all the new entrants including chief minister, who hitherto were not well known got the birth in the cabinet, about which they had not expected. The most surprising aspect of the new cabinet is the educational qualification of the new ministers. To the best of my knowledge, only a couple of them are graduate. In yet another incident in some other state, a hitherto unknown politician was selected for the post of chief minister. A Gujarati saying ''બગાસું ખાતાં પતાસું મળ્યું'' rightly describes these developments. These are the classic cases of luck. Some one has very nicely defined luck as 'success or good things that happen by merely chance'. Some people consider luck as the grace of god. Yet another definition of luck is getting a post or position for which a person is neither qualified nor suitable. One of my colleagues used to say that 'I never believed in luck till I happened to work under some incompetent bosses!' Some religious people associate luck with PUNYA.

# Never Judge

A little girl was holding two apples, her mother asked for one. The girl quickly bit for one and then the other. Her mother was very disappointed. Then the girl handed her mother one apple and said take this one which is sweeter.

**Moral : Never Judge anyone.**

"The least amount of judging we can do, the better off we are," says Michael J Fox. Yet we often judge others, and don't realize it. But interestingly a cousin confesses that she enjoys judging other people, it helps her boost self-esteem and she feels better about herself. Regardless of the reason, we don't have a right to judge anyone. We never know what the other person is going through?

People hardly realize their own mistakes; instead they strive to point out someone else's.

Here are a few of the most important reasons why we should not judge other people.

Lack of information: Are you sure that you know all facts about the person? Most of the time you have judged a situation without knowing the whole story. It is very important to hold off until you know all facts. It's one of the most clear reasons why we shouldn't judge other people.

Each person is different from the other: Remember people have one thing in common; they are all different. If you don't like doing something, it doesn't mean that other people should not do it too. For example when you don't like going for a shopping on weekends, you shouldn't tell another person that shopping is just boring. People can do what they want, that's why stop judging other people based on your own preferences.

Do unto others as you would have them done unto you: 'Do unto others as you would have them do unto you' — is a command based on words of Jesus. Before judging someone, put yourself in his/her shoes. It's really terrible being judged, but often we do it to other people without thinking. So ask yourself how you would feel if you were judged?

**Acceptance and tolerance:**

It is good to have enough tolerance. There are several ways to train yourself to become wiser and more tolerant. Maybe you don't approve of what other people have done, but it's not up to you to judge what he did. Live and let live. When someone has done something wrong, but really wants to change why don't give him/her a second chance. How do you know that the person doesn't really want to change?

**Appearances are often deceptive:**

Meeting people for the first time we always make a judgment based on their appearances though the proverb tells us not to make such a mistake. And it is one of the most obvious reasons why we should not judge other people.

**You actually define yourself:**

Earl Nightingale has rightly said: When you judge others, you do not define them, you define yourself. Do you want others to think of you as someone who judges everybody? Ask your friends, peers what they think, and if most of them say that you often judge other people, then it's time to stop being judgmental.

Last but not the least, let's quote Paulo Coelho and say, We can never judge the lives of others, because each person knows only their own pain and renunciation. So judge less, accept more, and restore your happiness.

Nobody is perfect.

Nobody's life is perfect.

Nobody has it easy.

Everyone has difficulties.

We have no way of knowing

What others are going through.

So pause before judging or criticising others.

Give others the space to simply be human.

You can reach out to us @

**Alpa Dharamshi**

Multilingual Counsellor

9591279036

pehechaancounselling@gmail.com

www.facebook.com/pehechaan



# Let's remove the mask!

Since a long time we all have been wearing masks and it's been a tiring thing, isn't it? It doesn't allow us to breathe freely and we also feel restricted. To solve this problem I can't find a better solution than removing the mask (simplest solution).Thoughts running in your mind- new variant, 3rd wave, COVID-19 is not over yet, 100s of thoughts must have crossed your mind, but this is the truth and we must admit it. For how long can we live with mask on? Let's end the thoughts racing in your mind, I am not talking about face mask we have been using since past 1 year to fight against COVID-19, the face mask is essential and we must continue using it to fight the invisible enemy along (a sense of relief). The mask here refers to the behavior we wear just to be accepted( the fake mask). The untrue self which we continue to be, just to be 'normal'. It's dangerous for us to continue using this mask, because there are high chances of our true self may get lost. We will lose our spark of uniqueness and be 'normal' but not what we truly are. Why we must be our true self? Because no one can play our role better than us. "Don't be afraid to be different be afraid of being the same." Why we shouldn't be our true self, there's no other reason than to be 'normal'. But does being 'normal' makes us happy? What good being normal can do to us if we don't enjoy and live happily, just to be accepted by others we put on our mask. But we don't accept ourselves, the true person whom we are. Now question rises how we got the mask? When we were small, we didn't use any mask but as we grew in rush to be 'normal' and fit right in society we started hiding ourselves just because our opinions, actions, thoughts, perspectives were not ordinary, they were unique (but some considered strange). Hence, we started using the mask and hide what we truly are. Being our true self will unburden us of stress and anxiety we require to carry mask and please others. At the end of the day we stand in front of mirror, struggling to find our self entangled between the masks. Have you ever struggled with footwear not of your size, it doesn't fits us perfectly. We don't feel comfortable and free, similarly when we wear mask it's like that shoe which is not for us but we try to fit in. So, let's be the true self, live freely as we are. Just removing the mask won't work but being our true self means something different- It means accepting who we are and constantly working to be best versions of ourselves. We need to continue growing each day, learn something and be the best version, this would mean true un-masking. Let's remove the mask and be free from the invisible cages we have put ourselves in. But don't forget to use –face-mask (not fake mask), sanitizers and follow social distancing norms. Stay Home! Stay Safe!


**Urvi Dimple Pramendra Dharamshi**
Nagpur(Kothara)
Email id- urvishah3104@gmail.com
Contact No. - 8149120901







**Mukkul Niti Kurwa**
Religion : Jainism
(Kutchi Dasa Oswal)
Native Place : Godhara, Kutch
Work : Allscripts India Pvt. Ltd.
(EON IT Park, kharadi)
Designation : Technical Consultant
Current location : Pune, Maharashtra
Education : M.Sc. computer Science
(Pune University)
Height : 6 Feet Weight : 80 kg. Blood Group : A+
Age : 27 Birth Date : 13.4.1992
Birth Place : Amalner, Maharashtra
Birth Time : 12:02:00 pm
Mail: mukkul.kurwa.13@gmail.com
Phoe (Mother) & 93706 38304

**Congratulations For Best Future**

**From**
**Dada Navinchand Khetshi Kurwa**
**Godhara, Hal Ahemadnagar**
**Nana Dhanji Chapsi Lodaya**
**Jakho, Hal Amalner**
**Mummy Jayshree Nitin Kurwa**
**Bhai Devang Kurwa**
**Contact No. 93706 38304**



# મળવા જેવા માણસ...

## શ્રી જયંતિલાલ રાયશી ચાંપશી ગોશર - બાયઠ (અંધેરી)



એમ કહેવાય છે કે કે.ડી.ઓ. જ્ઞાતિ એ વેપારી જ્ઞાતિ છે અને કલા સાથે એને કંઈ બહુ લાગતું વળગતું નથી. પણ દરેક બાબતમાં કોઈક અપવાદ હોય છે તેમ આ વિષયમાં એક અપવાદ છે અને તેનું નામ છે શ્રી જયંતીલાલ ગોશર. હું ઘણા સમયથી જયંતિભાઈના ઈન્ટરવ્યુ માટે તેમનો સંપર્ક કરી રહ્યો હતો. હું લોખંડવાલામાં રહેતો હતો તેથી તેઓ કહેતા કે ઈન્ટરવ્યુ માટે મારા ઘરે આવો એ બહાને થોડી વાતો થશે પણ હું તે તેમને કહેતો કે હજુ સુધી કોઈ પણ વ્યક્તિનો ઈન્ટરવ્યુ રૂબરૂ મળીને નથી લીધો. સમય સરતો રહ્યો. રૂબરૂ મુલાકાત સંજોગોવશાત્ ન થઈ શકી અને એમનો ઈન્ટરવ્યુ ફોન ઉપર જ લીધો જે આજે પ્રકાશ સમીક્ષાના વાચકો માટે પ્રસ્તુત છે.

માતુશ્રી લક્ષ્મીબેન રાયશી ગોશરને ત્યાં જયંતીભાઈનો જન્મ થયો. તેમણે તેમનું પ્રાથમિક શિક્ષણ ટનટનપુરા સ્ટ્રીટ - મસ્જિદ બંદરની કે.ડી.ઓ. સ્કુલમાં પ્રાપ્ત કર્યું. સ્વ. રાયશીભાઈ પણ સંગીત પ્રેમી હતા અને તેઓ પોતે પણ વાંસળી વગાડતા હતા. તેમણે ઓલ ઈન્ડયા રેડિયો ઉપર પણ અનેકવાર વાંસળી વાદન કર્યું હતું. તેથી જયંતીભાઈ નાના હતાં ત્યારથી જ સંગીતમાં રસ લેતા થઈ ગયા હતા અને પિતાશ્રીએ તેમને આર્ટસ કોલેજમાં જોડાવા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું જેથી જયંતીભાઈ વધુ સમય સંગીતની પ્રેક્ટીસ માટે કાઢી શકે. જયંતીભાઈએ સેન્ડહર્સ્ટ રોડ ખાતે બેન્ની સાતમકર પાસેથી મેંડોલિન અને તબલા શીખવાનું શરૂ કર્યું. કોલેજના દિવસોમાં તેમણે નાના ઓરકેસ્ટ્રા અને લગ્ન સમારંભોમાં મેંડોલિન વગાડવાનું શરૂ કર્યું. જયંતીભાઈએ ગ્રેજ્યુએટ થયા પછી લો કોલેજમાં પ્રવેશ લીધો, પરંતુ સંગીત પ્રત્યેની તેમની લગન અને પ્રેમે તેમને કાયદાનું શિક્ષણ પુરું કરવા ન આપ્યું. આવો, જયંતીભાઈ પાસેથી જ તેમની સંગીતયાત્રા વિશે જાણીએ.

**પ્ર.સ. :** સંગીતકાર તરીકે તમારી કારકિર્દી કઈ રીતે શરૂ થઈ ? સંગીતને કારકિર્દી તરીકે અપનાવવાનું તમે ક્યારે નક્કી કર્યું ?

**જયંતીભાઈ :** મારા કોલેજના દિવસોમાં હું પંકજ ઉદાસને મળ્યો. તેમના દ્વારા હું મનહર ઉદાસ અને નીર્મલ ઉદાસના સંપર્કમાં આવ્યો અને મેં તેમના કાર્યક્રમોમાં મેંડોલિન વગાડવાનું શરૂ કર્યું. ત્યારે જ મને થયું કે મારી દુનિયા આજ ક્ષેત્ર છે અને મેં સંગીતને કારકિર્દી તરીકે સ્વીકાર્યું. ૧૯૭૭માં હું મહેશકુમાર એન્ડ પાર્ટીમાં જોડાયો અને ત્રણ વરસના સમયગાળામાં ૪૫૦થી વધુ કાર્યક્રમો તેમની સાથે કર્યા. આ દરમ્યાન ૧૯૭૮માં મહેશકુમાર એન્ડ પાર્ટી સાથે લંડન તથા ઈસ્ટ આફ્રિકા ગયો. આમ મારો માર્ગ નક્કી થઈ ગયો.

**પ્ર.સ. :** તમે ફિલ્મ ક્ષેત્રે સંગીત કારકિર્દીની શરૂઆત કઈ રીતે કરી ?

**જયંતીભાઈ :** મે ઓગષ્ટ ૧૯૭૯માં ફીલ્મી સંગીતકારની પરીક્ષા પાસ કરી અને દત્તા ફવાજેકર, તલત અઝીઝ, ભૂપિન્દર સિંઘ, હેમંત કુમાર જેવા કલાકારો સાથે રેકોર્ડિંગમાં ભાગ લીધો. ૧૯૮૦માં મેં કલ્યાણજી આણંદજી સાથે પણ કામ કર્યું અને તેમની સાથે દુબઈ - લંડન તથા વિદેશમાં અન્ય સ્થળે પણ કાર્યક્રમો કર્યા. ૧૯૮૧થી મેં લક્ષ્મીકાંત પ્યારેલાલ, આર.ડી.બર્મન, ઉષા ખન્ના, અવિનાશ વ્યાસ, ઓ.પી.નૈયર, ખૈયામ અને અન્ય સંગીતકારો સાથે પણ કામ કર્યું. આની સાથે સાથે મેં હરિહરન, આશા ભોંસલે, લતા મંગેશકરની અભિતાભ બચ્ચન સાથેની કલ્યાણજી આણંદજીની ટૂરમાં હોંગકોંગ, ઈસ્ટ આફ્રિકા તેમજ અમેરિકા, કેનેડા, વેસ્ટ ઈન્ડિઝ ખાતે પણ સહભાગી રહ્યો. મેં અનેક ટી.વી. શોમાં પણ સંગીત રજુ કર્યું છે.

**પ્ર.સ. :** તમે ફક્ત મેંડોલિન જ વગાડો છો કે અન્ય વાજિંત્રો પણ વગાડી શકો છો ?

**જયંતીભાઈ :** મેં ઓલ રાઉન્ડર બનવાનું નક્કી કર્યું હતું. આજે હું મેંડોલિન, બેંજો, બાબલાઈકા (રશિયન વાદ્ય) સ્પેનિશ ગીટાર, ઈલેક્ટ્રીક ગીટાર, રબાબ (અફઘાની વાદ્ય), સાઝ (ટર્કીશ વાદ્ય) ઉદ (અરેબિક વાદ્ય) તથા અન્ય વાદ્યો પણ વગાડું છું. હું વિદ્યાર્થીઓ માટે ગીટારના કલાસીસ પણ ચલાવું છું.

**પ્ર.સ. :** તમે કાર્યક્રમો માટે કેટલા વિદેશ પ્રવાસ કર્યા છે ?

**જયંતીભાઈ :** મેં સંગીત નિર્દેશકો, ગાયકો સાથે તથા અન્ય સ્ટેજ કાર્યક્રમો માટે લગભગ ૬૫ જેટલી વિદેશયાત્રાઓ કરી છે.

**પ્ર.સ. :** તમે કેટલા સંગીત નિર્દેશકો સાથે કામ કર્યું છે ?

**જયંતીભાઈ :** મેં હિન્દી ફિલ્મ જગતના એ. આર. રહેમાન સિવાયના લગભગ બધા જ સંગીત નિર્દેશકો સાથ કામ કર્યું છે. મેં કલ્યાણજી આણંદજી, લક્ષ્મીકાંત પ્યારેલાલ, નૌશાદ, ઉષા ખન્ના, રવિન્દ્ર જૈન, જતીન લલીત, ઈલીયા રાજા, ખૈયામ, ઓ.પી.નૈયર, શંકર અહેસાન લોય, હરિપ્રસાદ ચોરસીયા, શિવ કુમાર શર્મા, નસરત ફતેહ અલીખાન, ગુલામ અલી, આનંદ મિલિંદ, ઉત્તમ સિંઘ, રાજેશ રોશન, વિશાલ ભારદ્વાજ તથા અન્ય અનેક સંગીતકારો - ગાયકો સાથે કામ કર્યું છે. આમાં કોઈ નામ રહી ગયું હોય તો દિલગીર છું.

**પ્ર.સ. :** જેમાં તમે સંગીત આપ્યું હોય એવી યાદગાર ફિલ્મો કઈ?

**જયંતીભાઈ :** મેં બધીજ ફિલ્મો તથા આલ્બમ માટે સંગીત નિર્દેશકના માર્ગદર્શન મુજબ શ્રેષ્ઠ સાથ આપવાનો હંમેશા પ્રયાસ કર્યો છે. એવી કેટલીક ફિલ્મો પણ છે, જેના ગીતમાં મેં એકલાએ જ સંગીતના સૂરો રેલાવ્યા છે. ફિલ્મ દિલવાલે દુલ્હનીયા લે જાયેંગેમાં મેં સોલો મેંડોલિન વગાડી છે. (દૃશ્ય શાહરૂખ ખાન ઉપર ફિલ્માવવામાં આવેલ) દિલ તો પાગલ હૈ, હમ આપકે હૈ કૌન, મૈંને પ્યાર કિયા, ડર, રામ તેરી ગંગા મૈલી, ફના, માચીસ, ધૂમ, ડોન જેવી ફિલ્મોમાં મેં ક્યાંક ક્યાંક સોલો સંગીત રજુ કર્યું છે.

**પ્ર.સ. :** જયંતીભાઈ, સંગીત ક્ષેત્રમાં આપની ખૂબજ લાંબી યાત્રા છે. અત્યારે આપે શેના ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

**જયંતીભાઈ :** હું યુવાનોને ગીટાર તથા અન્ય તંતુ વાદ્યો વગાડવાનું શીખવવા પર વધુ ધ્યાન આપી રહ્યો છું. થોડાંક વર્ષોથી હું મારા ઘરે જ સંગીતના કલાસીસ ચલાવું છું. તે ઉપરાંત સંગીત નિર્દેશકોને જરૂર પડે ત્યારે રેકોર્ડિંગમાં પણ ભાગ લઉં છું અને જરૂરી વાદ્ય વગાડું છું.

**પ્ર.સ. : તમારા યાદગાર કાર્યક્રમો વિશે કશું કહેશો ?**

**જયંતીભાઈ :** નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ માટે ફંડ રેઈઝીંગ કાર્યક્રમમાં બધા જ કે.ડી.ઓ ગાયક કલાકારોએ ગાયન રજુ કરેલું ત્યારે મેં સંગીતના સૂરો રેલાવેલા એ મારો સૌથી યાદગાર કાર્યક્રમ છે. મેં તે કાર્યક્રમમાં તદન નવા અને વિદ્યાર્થીઓ સમાન ક.દ.ઓ.કલાકારોને ગાવાની તક આપી હતી જેમાં હું સફળ થયો હતો. ઈ.સ. ૨૦૧૧માં મેં કેન્સર રીલીફ ફાઉન્ડેશનની સહાયતા માટે એક કાર્યક્રમ આયોજિત કરેલો જેમાં કલ્યાણજી-આણંદજી, લક્ષ્મીકાંત - પ્યારેલાલ, શીવ-હરી, શંકર-અહેસાન-લોય, જેવા દિગજ્જોએ ભાગ લીધો હતો તે કાર્યક્રમ પણ ચીરસ્મરણીય રહેશે.

**પ્ર. સ. :** સંગીત ક્ષેત્રે આપની અન્ય સફળતાઓ જણાવો તથા સંગીત ક્ષેત્રે આવા દીર્ઘ અનુભવ પછી પણ તમે સ્વતંત્ર સંગીત નિર્દેશક તરીકે કારકિર્દી કેમ ન બનાવી ?

**જયંતીભાઈ :** હું વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૭-૧૮ માટે સીને મ્યુઝિસીયન્સ એસોસિએશનનો પ્રમુખ રહી ચૂક્યો છું. અનેક મ્યુઝિક કંપનીઓએ મારી ઓડિયો કેસેટ તથા આલ્બમ બહાર પાડ્યા છે. ફિલ્મ જગતમાં ગોડફાધર અને લેડીલકની જરૂર હોય છે. મેં સારા પ્રોડ્યુસર્સની ફિલ્મો માટે સ્વતંત્ર સંગીત નિર્દેશક બનવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સારી ફિલ્મો ન મળી શકી અને મને પ્રાદેશિક ફિલ્મો કરવાની ઈચ્છા ન હતી, કારણ કે તેમાં અનેક મર્યદાઓ હોય છે.

**પ્ર.સ. :** વર્તમાન ફિલ્મ સંગીતની આવરદા ટૂંકી થઈ ગઈ છે. જુની ફિલ્મોના ગીત સંગીતની જેમ દીર્ઘજીવી નથી એનું શું કારણ છે ? યુવાનો ભલે યુવા સંગીતકારોના સંગીતને પસંદ કરે છે પણ વરિષ્ઠ સંગીત પ્રેમીઓ તેને વખાણતા નથી એવું કેમ ?

**જયંતીભાઈ :** વર્તમાન સમયમાં સંગીતની ધૂન પરંપરાગત વાદ્યોને વગાડીને નથી બનાવતા તેથી એમાં ઉંડાણ નથી આવતું. આના કારણે લોકોના હૃદય સુધી નથી પહોંચતુ, યાદગાર નથી બનતું. સંગીત એ કોઈપણ રોગ માટે શ્રેષ્ઠ થેરાપી સમાન છે.

**પ્ર.સ. :** તમારા સંતાનો પણ સંગીત પ્રેમી છે અને આજ વ્યવસાયમાં છે ?

**જયંતીભાઈ :** મારી દિકરી સરગમને સંગીત પસંદ છે પણ કારકિર્દી તરીકે નથી અપનાવ્યું. મારો દિકરો આલાપ તબલા વગાડતા શીખ્યો છે અને અત્યારે કલાકારોના મેનેજમેન્ટના વ્યવસાયમાં પ્રવૃત્ત છે.

**પ્ર.સ. :** જયંતીભાઈ, સંગીત જગતની આપની લાંબી સફરની સુંદર વાતો કરવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**- ડૉ. હીરાચંદ દંડ**


FIBROL

# FIBROL NON-IONICS PVT. LTD.

[AN ISO 9001: 2015 CO]

**Mfr. & Exporter of Ethylene Oxide Condensates & Speciality Chemicals**

**Office:**

B-7/8, Chandra Darshan, P. K. Road, Panch Rasta Jn., Mulund (W), Mumbai – 400 080.

Tel: 022-25923670/ 25928097/ 25918902 / 25915794

E-mail: info@fibrol.com Website: www.fibrol.com

**Factory:**

Survey No. 131, Village- Rasal, Tal- Pali Sudhagad, Maharashtra

*Rajeev Pathak* *Sanjay Nagda* *Nimesh Lapasia*

*(Founder : Late Shri Hirachand V. Chheda)*

HAPPY
AND
A
PROSPEROUS

*New Year*



DILIGENT • DECISIVE

DHARAMSHI
SECURITIES PVT. LTD.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

VALUEQUEST

Quest 1073 Rajabhau Desai Marg, Prabhadevi , Mumbai 400025

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication :** 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**